## ભાષા-અભિવ્યક્તિ

● 'ઝાડમાં લાકડું જોનારા લોકો વધ્યા'

'લાકડું જોનારા' આ બે જ શબ્દોથી, લાઘવથી લેખક કેવી સરસ રીતે માનવીની સ્વાર્થવૃત્તિને, એક ગંભીર બાબતને મૂકી આપે છે તે નોંધો.

● અહીં એક તરફ લેખક, 'કાગડાઓની સભા ચરાના વડ ઉપર હવે ભરાતી નથી', 'ગામ ટહુકા વિના પણ મજામાં રહેતું હશે?' જેવાં લલિત વાક્યોથી વાચકને આનંદવિહાર કરાવે છે તો બીજી તરફ 'પતરંગા હવામાં સેલ્લારા લે છે', 'હુદ હુદ ચણતા રહેતાં' જેવા શબ્દપ્રયોગોથી ગ્રામવાતાવરણને તાદૃશ કરી દે છે.

● ગ્રામસંસ્કૃતિને આબેહૂબ વર્ણવવા લેખકે નીચે જેવા કેટલાય તળપદા શબ્દો વાપર્યા છે તેની ખાસ નોંધ લો :

| | | | |
|---|---|---|---|
| - પડાળિયાં | - નેળિયાં | - મોભાર | - પડસાળ |
| - કરો | - કોહરામ | - ઠીબા | |

અભયારણ્ય કે પ્રાણી - પક્ષી સંગ્રહાલયો કે પુસ્તકોમાં ભાગ્યે જ જોવા મળતાં પક્ષીઓ જેવાં કે ટીંટોડી, વનલાવરી, ઢેંક, કાળિયોકોશી, દીવાળી ઘોડાઓ, પતરંગા, કલકલિયો, કંસારા, શક્કરખોર, નાચણ, કાકડિયો કુંભાર જેવાં પક્ષીઓનો ઉલ્લેખ કરી લેખકે એક ભુલાઈ જતી પણ અજાયબ સૃષ્ટિ ઊભી કરી દીધી છે તે પારખો.

● વિવિધ પક્ષીઓની ખાસિયત, એમની ઓળખ લેખકે એક-બે શબ્દોના પ્રયોગથી કેવી સરસ રીતે આપી છે તે લાઘવની કળા જુઓ.

| | |
|---|---|
| - નમણાં નાજુક પારેવાં | - આંટાફેરા મારતો કાળિયોકોશી |
| - સંકોચશીલ હોલોહોલી | - મધુર રણકાદાર અવાજોવાળી સારસ બેલડીઓ |
| - ગભરુ તેતરો | |
| - પૂંછડી હલાવતા દીવાળી ઘોડાઓ | - પૂંછડીની સળી હલાવતા પતરંગા |
| - ટહુકતાં શક્કરખોર | - ચંચળ નાચણ |
| - વાડ-ઝાડમાં લપાતાં કરકડિયા કુંભાર | |

## શિક્ષકની ભૂમિકા

બદલાતા સમયમાં મનુષ્ય પોતાનાં સુખ-સગવડ વિશે સતત વિચારે છે; પરંતુ પ્રકૃતિનાં તત્ત્વો તરફની બેદરકારી દિન-પ્રતિદિન વધતી જાય છે.

પરોઢમાં ઊઠે ત્યારથી તે રાત્રે સૂઈ જાય ત્યાં સુધી મનુષ્યને પહેલાંના સમયમાં પક્ષીઓનો સહવાસ રહેતો હતો. આપણો દેશ ગામડામાં વસેલો અને ખેતીપ્રધાન દેશ હોવાથી મનુષ્યજીવન પક્ષીઓ સાથે જોડાયેલું હતું. પક્ષીઓ જ સવારે કૂડકે કૂકથી ઉઠાડે, પક્ષીઓ જ સાપ કે અન્ય ઝેરી જનાવરથી ચેતવે. આવનારી મુશ્કેલીઓની આગોતરી જાણ કરવાનું કામ પણ પક્ષીઓ કરતાં હતાં. સમાચારની આપ-લે પણ પક્ષીઓના માધ્યમથી થતી - તે બધું હવે ભૂતકાળ બની ગયું છે. મોટાં શહેરમાં રહેતા બાળકને પાંચ પક્ષી ઓળખવામાં પણ તકલીફ પડે તે વાસ્તવિકતા સ્વીકારવી રહી. પક્ષીઓ માનવજીવન સાથે જોડાયેલાં છે. કેટલીક બાબતોમાં પરસ્પરાવલંબી પણ બની શકે છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

એકમમાં રજૂ થયેલ પક્ષીઓનાં નામ, તેમનો દેખાવ, તેમની ટેવો, તેમની વિશિષ્ટતાઓ વગેરેથી વિદ્યાર્થીઓને પરિચિત કરવા. વિશ્વની પ્રાકૃતિક સુંદરતામાં પક્ષીઓનો ખૂબ મોટો ફાળો છે તે વાતથી માહિતગાર કરવા.

મનુષ્યની જીવનશૈલી ભલે બદલાઈ છે, તોપણ પક્ષીઓ, પશુઓ, પ્રાણીઓ વિશે વિચારવું અને તેમની સાથેની આપણી આત્મીયતા નિભાવવી તે વિચારનું વિદ્યાર્થીઓમાં વાવેતર કરવું.

●

# 20 હરિ ! આવોને

સંકલિત

લોકગીતમાં સમગ્ર પ્રજાસમૂહની ભાવનાઓનું નિરૂપણ થતું હોય છે. આ લોકગીતમાં હરિને પોતાના ઘરે પધારવા માટેનું ભાવાત્મક નિમંત્રણ છે. હરિ પોતાના ઘરે પધારે તો તેમના માટે કેવી કેવી સુંદર આગતા-સ્વાગતા કરશે એનું વિગતસભર વર્ણન છે. હરિના આગમનથી લઈને તેમની દૈનિક ક્રિયાઓ હોંશપૂર્વક કરવાનો ભક્તનો મનોરથ છે. આ સઘળું કરવામાં હૃદયનો ઉમળકો અનુભવાય છે. પ્રભુ તરફનો પ્રેમ અને સત્કારનો આનંદ આ લોકગીતમાં રજૂ થયો છે.

શેરી વળાવી સજ્જ કરું, ઘરે આવોને,
આંગણિયે વેરું ફૂલ ! હરિ ! ઘરે આવોને.
ઉતારા આપીશ ઓરડા, ઘરે આવોને,
મેડીના મોલ જ દૈશ ! હરિ ! ઘરે આવોને. - શેરી વળાવી
દાતણ આપીશ દાડમી, ઘરે આવોને,
કરેણી કાંબ જ દૈશ ! હરિ ! ઘરે આવોને. - શેરી વળાવી
નાવણ આપીશ કૂંડીયું, ઘરે આવોને,
નદીયુંનાં નીર જ દૈશ ! હરિ ! ઘરે આવોને. - શેરી વળાવી
ભોજન આપીશ લાપસી, ઘરે આવોને,
કઢિયેલાં દૂધ જ દૈશ ! હરિ ! ઘરે આવોને. - શેરી વળાવી
મુખવાસ આપીશ એલચી, ઘરે આવોને,
પાન બીડલાં દૈશ પચાસ, હરિ ! ઘરે આવોને. - શેરી વળાવી
રમત આપીશ સોગઠાં, ઘરે આવોને,
પાસાની જોડ જ દૈશ ! હરિ ! ઘરે આવોને. - શેરી વળાવી
પોઢણ આપીશ ઢોલિયા, ઘરે આવોને,
હીંડોળા ખાટ જ દૈશ ! હરિ ! ઘરે આવોને. - શેરી વળાવી

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી/શબ્દાર્થ

**સજ્જ** સજીને તૈયાર કરેલું **નીર** પાણી **કઢિયેલ** કઢાયેલું, ઉકાળેલું **હીંડોળાખાટ** ઝૂલવાનો હીંચકો

### તળપદા શબ્દો

**દૈશ** આપીશ

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ભગવાન માટે ભક્ત આંગણાને કેવી રીતે શોભાવશે?

(A) રંગોળી દોરવા માગે છે. (B) ફૂલો વેરવા માગે છે.

(C) રેતી પથરાવવા માગે છે. (D) પાંદડાં વેરવા માગે છે.

(2) આ લોકગીતમાં હરિને ભોજનમાં શું આપવાનું કહેવાયું છે?

(A) લાપસી (B) ખમણ (C) કઢિયેલા દૂધ (D) શીરો

(3) આ કાવ્યમાં કઈ રમતનો ઉલ્લેખ થયો છે?

(A) કબડ્ડી (B) ખો-ખો (C) સોગઠાં (D) ક્રિકેટ

(4) હરિને સૂવા-બેસવા માટે કઈ વ્યવસ્થા નીચેનામાંથી કરવામાં આવી નથી ?

(A) ઢોલિયાની (B) હીંડોળાની (C) ખાટની (D) બાજઠ

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) હરિને ભોજનમાં શું-શું પીરસવામાં આવશે તે જણાવો.

(2) શેરીને વાળીને સજ્જ શા માટે કરવામાં આવે છે?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો :**

(1) ભક્ત ભગવાનને શું શું આપવાની તૈયારી બતાવે છે તે ગીતના આધારે લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા ઘરે મહેમાન આવવાના હોય એ વખતે ઘરમાં કેવી કેવી તૈયારીઓ કરો છો એની યાદી બનાવો. ખાસ પ્રકારના મહેમાન આવવાના હોય ત્યારની તૈયારીમાં શો તફાવત હોય છે એ લખો.
- નિમંત્રણમાં વિવિધ રીતે સ્વાગત કરવાનું વર્ણવાયું હોય એવાં લોકગીતો મેળવીને નોંધો.
- તમારી શાળામાં આવનાર મહેમાન માટેની આમંત્રણ પત્રિકાનો નમૂનો તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- '.......ને'

  આપણા સાહિત્યમાં લોકગીત સહજ ભાવ-અભિવ્યક્તિ માટે રચાતાં હતાં. સંસારની ખટમધુરી વાતો કે રાધાકૃષ્ણની વાતો એનું વિષયવસ્તુ બનતું. આ ગીતો રાગને કારણે શ્રવણમધુર તો રહ્યાં જ છે, પણ ક્યારેક કોઈ એક શબ્દ એના નાદમાધુર્યમાં મહત્ત્વનો ફાળો આપી જતો હોય એવી ઘણી રચનાઓ થઈ છે. અહીં નાદમાધુર્યમાં 'ને'નો ફાળો નાનોસૂનો નથી તે સમજો.
- કવિએ 'દઈશ'ને બદલે 'દૈશ' વાપરીને તથા 'શેરી સજ્જ કરું', 'ઉતારા આપીશ ઓરડા', 'મેડીના મોલ', 'નદીયુંના નીર'થી વર્ણાનુપ્રાસ રચી આ રચના યાદગાર અને ચિરંજીવ બનાવી છે.
- 'અતિથિ દેવો ભવ' એ આપણી સંસ્કૃતિ છે, વળી અતિથિ હરિ હોય તો પૂછવું જ શું? અતિથિનું આતિથ્ય કેવી કેવી રીતે થાય છે એ મુદ્દાઓ ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

લોકો દ્વારા રચાયેલું, લોકો માટે અને લોકો થકી ગવાતું ગીત એટલે લોકગીત. જેમાં તત્કાલીન સમાજનું, લોકજીવનનું પ્રતિબિંબ ઝીલાયેલું જોવા મળે છે.

ભારતીય પરંપરા મુજબ થતી આગતા-સ્વાગતા, સુવિધા, માન-સન્માન અને ગમતી દરેક બાબત હરિ માટે રજૂ કરવાની પૂર્વતૈયારી દર્શાવી પ્રભુ(હરિ)ને આવકારતા ભક્તની ઈશ્વર પ્રત્યેની ભક્તિભાવના જીવનની દિનચર્યા સાથે સુપેરે જોડાઈ છે.

ઈશ્વર માટેનાં કાળજી અને પ્રેમ વ્યક્ત થયાં છે તે સ્પષ્ટ કરવું. જે સર્વશ્રેષ્ઠ છે તે બધું ઈશ્વર માટે અર્પણ કરવાની ભાવના ઈશ્વરને હૃદયપૂર્વક આવકાર આપે છે તે જણાવવું. સ્વચ્છતા ઈશ્વરને પણ પ્રિય છે તેથી આપણી આસપાસ સ્વચ્છતાનો આગ્રહ રાખવા વિદ્યાર્થીઓને અનુરોધ કરવો.

●

# 21 પ્રાણીઓનું ગોકુળ

**પ્રકાશ આમટે**

**(જન્મ : 29-12-1948)**

પ્રકાશ બાબા આમટે. મહારાષ્ટ્રનું આનંદવન એમનું વતન. પોતે વ્યવસાયે ડૉક્ટર છે. 'લોક બિરાદરી પ્રકલ્પ' નામની સંસ્થા દ્વારા લોકસેવાનાં કાર્યો કરે છે. 'પ્રકાશ વાટા' (Path ways of light) તેમની આત્મકથા છે. 'રાનમિત્ર' પ્રાણીઓ સાથેના અનુભવોનું પુસ્તક છે. તેમનાં કાર્યો પરથી ફિલ્મ તૈયાર થયેલી છે. તેઓ 'પદ્મશ્રી' અને 'મેગ્સેસ એવૉર્ડ'થી સન્માનિત થયેલા છે.

લેખકનો ઊંડો પ્રાણીપ્રેમ આ કૃતિમાં વ્યક્ત થયો છે. મૂળ મરાઠીમાં લખાયેલી અનુભવ કથાના 'પ્રકાશની પગદંડીઓ' એવા ગુજરાતી અનુવાદમાંથી આ અંશ લેવામાં આવ્યો છે. અહીં હેમલકસા પ્રકલ્પના અનુસંધાને વિવિધ અનાથ અને બીમાર પ્રાણીઓની સારવાર કરતાં તેમાંથી ઊભું થયેલું પ્રાણીઓનું સુંદર 'ગોકુળ' આકર્ષક રીતે વર્ણવાયું છે. લેખકની સરળ ભાષામાં બબલી, કાળું, હરણનું બચ્ચું, ખિસકોલી, ચિત્તો, રીંછ, નીલગાય, શિયાળ, ઝરખ, મોર, સાપ વગેરેનાં પ્રેમભર્યાં સંબંધનાં ચિત્રો રોચક રીતે રજૂ થયાં છે. લેખકનો પ્રાણીપ્રેમ વનવાસી બાળકોને પ્રાણીપ્રેમી બનાવે છે. વાચકમાં પણ પ્રાણીપ્રેમ જગાડે છે. લેખક પ્રાણીઓની સંભાળ અંગે જાણકાર નહોતા, પરંતુ પ્રેમને કારણે બધું શીખી શક્યા એ ખૂબી સરસ રીતે વ્યક્ત થઈ છે. માનવ અને પશુપંખીનું સહઅસ્તિત્વ કેવું નિકટ, પ્રેમભર્યું અને સહજ બની શકે તે પ્રાણીઓના 'ગોકુળ'માં પ્રત્યક્ષ થાય છે. આખું વર્ણન સહજ એટલું જ આકર્ષક છે.

---

આ બધાં કામની શરૂઆત થઈ તે હેમલકસા પ્રકલ્પ શરૂ થયા પછી બનેલા એક પ્રસંગને કારણે. હેમલકસાનો પ્રકલ્પ શરૂ થયે પાંચ-છ મહિના થયા હશે. વાંદરાના બચ્ચાને લઈને સ્થાનિક લોકો જતા હતા. 'એને બદલે અનાજ આપીશું' એમ કહ્યું એટલે એ લોકોએ બચ્ચું અમને આપ્યું.

બચ્ચાને અમે અમારા ઘરે લઈને તો આવ્યાં, પણ એને ઉછેરવાનું શી રીતે એની અમને ક્યાં ખબર હતી? શરૂઆતમાં મિલ્ક પાઉડરનું દૂધ ડ્રૉપરવાળી શીશીથી એને પિવડાવ્યું. એ વખતે એણે એ દૂધ પીધું. પછી એને ને અમને ફાવી ગયું. એ અમારી જ ઝૂંપડીમાં સતત અમારી સાથે જ રહેતું. એ બચ્ચું માદા હતું, એટલે એનું નામ 'બબલી' રાખ્યું. બબલી અમારા પ્રાણી અનાથાલયની પહેલી સભ્ય.

એ વખતે અમારે ત્યાં 'કાળુ' નામનો એક દેશી કૂતરો હતો. એ સતત મારી સાથે રહેતો. બબલી બહુ નાની હતી. ક્યારેક તે મારા ખભા પર બેસતી. ક્યારેક અમારાં શાંતાબાઈના પગની પિંડીએ વળગીને એમની સાથે આખા ઘરમાં ફર્યા કરતી. હું એને ક્યારેક કૂતરાની પીઠ પર બેસાડતો અને 'એને ત્યાં રહેવા દેજે' એમ કહેતો. પહેલાં એને એ વાત વિચિત્ર લાગતી. પણ પછી એટલી બધી આદત પડી કે બબલી એને પોતાની જવાબદારી લાગતી. અમે ફરવા જઈએ ત્યારે સાથે આ કાળુ રહેતો અને બબલી એની પીઠ પર બેઠેલી હોય જ. વાંદરું એ પ્રાણી જ એવું કે ઠરીને બેસે નહિ. બબલી વચ્ચે જ કોઈક ફળ ખાતી, એને ઝાડ પર ચડી જવાનો તુક્કો આવતો એટલે એ કાળુની પીઠ પરથી કૂદીને જતી રહેતી. પણ કાળુને એ બાબતે કોઈ વાંધો ન હતો. ઊલટું, એ પાછી આવીને એની પીઠ પર બેસે ત્યાં સુધી તે રોકાઈ રહેતો.

એક વાર કોઈકે અમને હરણનું સાવ નાનકડું બચ્ચું લાવી આપ્યું. શરૂઆતમાં એ બહુ જ બાવરું બની ગયું. માના સ્પર્શથી એને જેવી સલામતી લાગે એવું કંઈ અહીં ન લાગે એ સ્વાભાવિક હતું. પણ અમે થોડું વિચાર્યું કે જન્મ વખતે તો બચ્ચાની આંખો બંધ હોય છે. પછીના ચાર-આઠ દિવસ એ બંધ જ રહે છે. પછી તે માને શી રીતે ઓળખે છે? એમ હોય છે કે મા એમની પાસે આવે એટલે એમના શરીરનો પાછળનો ભાગ ચાટતી હોય છે. એ સ્પર્શ ધ્યાનમાં આવે એટલે આ બચ્ચાં એમની સામાન્ય ક્રિયાઓ કરે છે. દૂધ વગેરે પીએ છે. અમારાં ધ્યાનમાં આ આવ્યા પછી અમે પણ એવું જ કરવાં લાગ્યાં. પાછળનો ભાગ ખંજવાળીએ એટલે એ બચ્ચું અમારા હાથ પર બધી ક્રિયા પતાવતું. અમારી આ યુક્તિનો ઉપયોગ આ પ્રાણીઓ અમારે ત્યાં ગોઠવાય તેમાં થયો. બે-ત્રણ દિવસમાં વાસ અને સ્પર્શનો પરિચય થાય એટલે બચ્ચાં સામે ચાલીને જાતે દૂધ પીતાં.

અમારા વિસ્તારમાં 'દેવખાર' તરીકે ઓળખાતી ખિસકોલીઓ ઘણી. પણ અમારી શાળાનાં બાળકોય આ

ખિસકોલીઓને મારતાં. ધીમે ધીમે અમે એ બાળકોને જ આ પ્રાણીઓની સંભાળ રાખવાનાં, તેમને ખવડાવવાનાં કામ સોંપવાં લાગ્યાં. એમાંથી એ બાળકોને પણ પ્રાણીઓનો પ્રેમ મળ્યો. પ્રાણીઓના શિકાર બંધ થયા.

પાકા ઘરમાં રહેવા આવ્યાં પછી બે ઘરોની વચ્ચે જે જગ્યા હતી એ બંને બાજુથી બંધ કરીને એમાં અમારી પાસેનાં પ્રાણીઓ રાખવાની અમે શરૂઆત કરી. આ જગ્યા પસંદ કરી હતી, કારણ કે ઘરની બારી ખોલો એટલે તેમના પર ધ્યાન રાખી શકાય. આ સતતના સહવાસથી અમે બધાં જ પ્રાણીઓને બિલકુલ પરિચિત બન્યા. અમે અનાથ પ્રાણીઓની જે રીતે સંભાળ રાખતા હતા તે વનાધિકારીને ખૂબ ગમ્યું. અમારા પ્રાણી-અનાથાલયના એટલા પ્રેમમાં પડ્યા કે એમણે એમની પાસેનું રીંછનું એક બીમાર બચ્ચું સારવાર અને સંભાળ માટે અમને લાવી આપ્યું. આ અમારું રાણી રીંછ. આ રાણીના અને પછી ‘નેગલ’ તરીકે જાણીતા થયેલા ટપકાવાળાં ચિત્તાને અમારે ત્યાં બહુ લાડ લડાવ્યા. રાણી આવી ત્યારે તે એક મહિનાની હતી. રાણીને અમે પાકા પાંજરામાં રાખતા. એ સિવાય સવારે તે છૂટી જ રહેતી. એને અમારી એટલી માયા લાગી હતી કે તે વિલાસના અથવા મારા ઓરડામાં જ રહેતી. અમે બંને એને એટલા પ્રિય હતાં કે એ અમારી નજીક હોય એ વખતે કોઈ આવે એ એનાથી સહન થતું નહિ. એ કશું કરતી નહિ પણ અવાજથી અથવા નજરથી નારાજગી વ્યક્ત કરતી.

અમારા નાનાં બાળકો સાથે પણ પ્રાણીઓ ખૂબ કુમાશથી વર્ત્યાં. આપણે આપણાં બાળકોમાં અમસ્તો જ ડર બતાવીએ છીએ. એમને એમની નિર્દોષ રીતે પ્રાણીઓ સાથે રમવા દેવામાં આવે તો આ પ્રાણીઓ બાળકોને કંઈ કરતાં નથી. મારાં સંતાનો જેમ પ્રાણીઓના સંગાથે જ મોટાં થયાં તે જ પ્રમાણે મારો પૌત્ર અર્ણવ પણ નાનપણથી પ્રાણીઓની વચ્ચે રાજી રહે છે. આ ખુશી સામે પ્રાણીઓને કાંઈ વાંધો હોતો નથી.

રાણીની અને અમારી ખાસ દોસ્તી થઈ. વિલાસ અને હું દરરોજ નદીએ જતાં ત્યારે એ નદી સુધી એટલે કે બેએક કિલોમીટર સુધી અમારી સાથે ફરવા આવતી. એની એક આદત એ હતી કે રસ્તામાં ક્યાંક ઊધઈની વાસ આવે એટલે પગથી જમીન ખોતરીને એ ઊધઈ ખાવા બેસતી. પણ અમે એના માટે રોકાયાં નથી એ સમજાય એટલે થોડીવાર પછી દોડતી દોડતી અમારી પાછળ આવતી.

પ્રાણીઓ વિશે લોકો જે કંઈ માનતા હોય તે, પણ હેમલકસાનું અમારું જીવન પ્રાણીઓએ ખૂબ આનંદમય બનાવ્યું. અમે પ્રાણીઓની સંગાથે અને અમારે ત્યાંનાં બધાં પ્રાણી એકમેકનાં સંગાથે ખુશીથી જીવતાં હતાં. અમારે ત્યાં વાંદરાં ને કૂતરાં હતાં જ. તદુપરાંત નીલગાય, હરણ, રીંછ, શિયાળ, જરખ, મોર, સાપ, નાગ, ખિસકોલી, ઘો જેવાં જુદાં જુદાં પ્રાણીઓ પણ હતાં. એમાં 1979માં એક મગરનો ઉમેરો થયો. બન્યું એવું કે પ્રકલ્પ પરનો એક જણ માછલી પકડવા ગયો હતો. એ વખતે તેને આ મગર મળ્યો. મગર એટલે મગરનું બે દિવસ પર જન્મેલું નાનકડું બચ્ચું હતું. એનું કદ કાચંડા જેવડું હતું. મગરના બચ્ચાને કેવી રીતે ઊછેરવું, કેવી રીતે ખાવા આપવું, એનો અમને કોઈ જ ખ્યાલ ન હતો. બાજુમાં તાડોબા અભયારણ્ય હતું. ત્યાં પૂછ્યું તો તરત જ કંઈ માહિતી ન મળી. આખરે એમ વિચાર્યું મગરને પાણી તો જોઈએ જ. એટલે એક બૅરલમાં અરધે સુધી પાણી ભર્યું, ઉપર વચ્ચોવચ આડું લાકડું નાખ્યું અને તેની પર જાળી ફિટ કરી. હેતુ એ કે જ્યારે એને પાણીમાં કંટાળો આવે ત્યારે તે ચઢીને લાકડા પર બેસી શકે. અમારા મનમાં જે હેતુ હતો તે એને ગળે ઊતર્યો હોવો જોઈએ. કારણ, જરૂરિયાત મુજબ એ મગર જાળી પર તડકે બેસતો. મગર શું ખાતો હશે એનો પણ અમને કશો ખ્યાલ ન હતો. પણ અંદાજ કરીને રાત્રે પંદર દેડકાં એના પાણીમાં ઉતાર્યા. સવારે જોયું તો એમાંથી દસ જ બાકી હતાં. એની પરથી ‘મગર દેડકાં ખાય છે’ એવી શોધ અમે કરી. નાની માછલીઓ પાણીમાં નાખો તો પણ તે દેડકાં જ પસંદ કરે છે. અમે એના ખાવાપીવાની આવી બરદાસ કરી, એ અમારી મહેમાનીથી ખુશ થઈને અમારે ત્યાં ગોઠવાઈ ગઈ.

મુન્ના નામનો બીજો એક ટપકાંવાળો ચિત્તો અમારે ત્યાં હતો. એ આરતી સાથે શાળાએ પણ જતો. એ વર્ગમાં બેસતી અને આ ત્યાં જ બહાર બેસી રહેતો. એની નિશાળ છૂટે એટલે એની સાથે ઘરે પાછો આવતો. કોઈ પણ છોકરાને એણે ક્યારેય તકલીફ આપી નહિ. આરતી ત્રીજા ધોરણમાં ગઈ ત્યાં સુધી આમ ચાલ્યું. આગળ ઉપર તે મોટો થયો. નાનાં બાળકો તેને જોઈને ડઘાઈ જવાં લાગ્યાં એટલે અમે મુન્નાને શાળાએ મોકલવાનું બંધ કર્યું. શરૂઆતમાં લ્યૂસી અને બેન એ બે ટપકાંવાળા ચિત્તા બાદ કરતાં અમારે ત્યાં આવેલા બધા ચિત્તા ઉત્તમ જીવ્યા. રાજા અને નેગલીનાં

સાત-આઠ બચ્ચાં અમે બહાર આપ્યાં. પણ એમાંના કોઈ જ જીવ્યાં નહિ. ચાર-આઠ વર્ષમાં મરી ગયાં. અમારે ત્યાં પ્રાણીઓ રોગમુક્ત અને તંદુરસ્ત રહે છે એ સાબિત કરનારી આ બાબત છે. આ બચ્ચાં તો ગયાં પણ એમનો બાપ અમારા પ્રકલ્પ પર ઘણાં વર્ષ જીવ્યો. ચિત્તાની જિંદગી સામાન્ય રીતે પંદર વર્ષની હોય છે, પણ રાજા ચોવીસ વર્ષ જીવ્યો. આ ચિત્તાએ અમને બહુ માયા લગાડી. એટલે પ્રકલ્પ પર ટપકાંવાળા બે-ત્રણ ચિત્તા રાખવાનો શિરસ્તો ચાલુ રહ્યો અને બધાંને એવી આદત જ પડી ગઈ.

આપણે ત્યાં સાપ વિશે ઘણી ગેરમાન્યતાઓ છે. સાપ દેખાય એટલે માણસો પહેલાં એને મારે છે અને પછી તેને ઓળખવાની કોશિશ કરે છે. બધા સાપ ઝેરી હોતા નથી. નાગ, મણ્યાર, ઘોણસ, ફુરસં, ચટાપટાવાળો અથવા આગ્યા મણયાર એ ખરેખર ઝેરી સાપ. કૉબ્રા એટલે નાગ. ફેણ ચઢાવનારો એકમાત્ર સાપ. ધામણ ઝેરી નથી હોતી, પણ એ ઝેરી હોય છે એવી આપણે ત્યાં ગેરમાન્યતા છે. તેની પર પગ પડવાથી એ કોઈને કરડી હોય, એ વ્યક્તિને ઍલર્જિક કારણોસર ઝીણી ફોલ્લીઓ થઈ હોય અને એ વાત જ બધે ફેલાઈ હોય એવું બની શકે. ધામણ પૂંછડેથી કરડે એવી એક ગેરમાન્યતા છે. સાપ ખુન્નસ રાખે ને વેર વાળે એ ગેરસમજ બહુ ફેલાયેલી છે. ખુન્નસ રાખવા જેટલી યાદશક્તિ જ સાપમાં હોતી નથી. એ ક્યારેય તમારો પીછો કરતો નથી. કોઈ પણ સાપ આપમેળે હુમલો કરતો નથી. એને તકલીફ પડે તો જ એ સ્વરક્ષણ માટે કરડે છે. આપણને કરડેલો સાપ ઝેરી છે કે બિનઝેરી, એ જાણી લેતા પહેલાં જ માણસ અધમૂઓ થઈ ગયેલો હોય છે.

દરેક સાપને ઓળખતાં આવડવો જોઈએ. આવું લાગવાનું બીજું એક કારણ એ કે હું નાનપણથી બહુ મોટી સંખ્યામાં સાપ મરાતા જોતો આવ્યો છું. આનંદવન ઊભું કરતી વખતે પણ ગેરમાન્યતાઓને કારણે સાપ દેખાયો નથી કે માર્યો નથી એવી રીત અપનાવવામાં આવી હતી. એટલે હેમલકસા આવ્યા પછી શરૂઆતમાં જ મેં સાપ પકડવાની અને એ ઝેરી છે કે બિનઝેરી એ પારખવાની પદ્ધતિ શીખી લીધી હતી.

સાપ પકડવાનો અને એની જાતિ-પેટાજાતિ નક્કી કરવાનો કસબ હું શીખ્યો એનું કારણ હતું કે, 'જંગલમાં રહેવું ને સાપને નકારવો' એ વાત મને ગળે ઊતરતી ન હતી. પણ સાપ દેખાય એટલે માણસો એને મારવા મચી પડે છે. એટલે પછી અમે પ્રકલ્પ પર અમારું પોતાનું નાનકડું સર્પોદ્યાન જ શરૂ કર્યું. ઘરમાં, આસપાસ, અધરાતે-મધરાતે નીકળેલા સાપ પકડવાના અને એમની દેખભાળ કરવાની એવું અમે શરૂ કર્યું.

ભાત ભાતના સાપ, નાગ, પટાવાળા સાપ વગેરે અમારા સર્પોદ્યાનમાં હતા. સાપને મારવાનો નહિ એવો નિયમ જ અમે હેમલકસામાં કર્યો હતો. કાર્યકર્તાઓને, શાળાનાં બાળકોને સાપ પકડતાં શીખવ્યું, એને લીધે સાપની હત્યાનું પ્રમાણ ઘણું ઘટ્યું. બાબાએ શીખવેલા સાહસના બળે અને મને તેમ જ વિલાસને થયેલા સર્પપ્રેમના જોરે અમે સાપની ભરપૂર ભાળ મેળવી. સાપ ઓળખવા સુધી અને એને પકડવા સુધી અમે પહોંચી શક્યાં.

બ્રૅન્ડેડ ક્રેટ એ અમારા સર્પોદ્યાનનો મોભાનો સાપ. જેટલા સાપ, એટલી જ એમની કથાઓ. અમારા પ્રાણીપ્રેમ સાથે સર્પપ્રેમ જોડાયેલો હોવાને કારણે અમારું પ્રાણીસંગ્રહાલય વધુ ખીલ્યું. પણ હું પ્રાણીસંગ્રહાલય કહેતો નથી, 'પ્રાણીઓનું ગોકુળ' એમ કહું છું. આ 'ગોકુળ'માં 60-65 પ્રાણીઓ સુખ-શાંતિથી સહવાસ કરતાં રહ્યાં છે. વાંદરાં, કૂતરાં, ચિત્તા, નોળિયો જેવાં આમ એકબીજાનાં દુશ્મન હોય તેવાં પ્રાણીઓ અહીં તો મિત્રોની જેમ રહે છે. આ બધાનો એક પરિવાર જ બન્યો છે. સૅલી વૉકર નામનાં અમેરિકન મહિલા અહીં આવ્યાં હતાં. એમણે અમારા ગોકુળને 'આમટેઝ ઍનિમલ આર્ક' એવું નામ આપ્યું. બાઇબલમાં એવી વાર્તા છે કે કોઈ એક જમાનામાં નોહાઝ આર્ક નામના એક વહાણ પર બધાં પશુપંખી ખુશીથી ભેગાં રહેતાં હતાં. અહીંનું વાતાવરણ એ મહિલાને એવું જ લાગ્યું, એટલે એણે આ નામ આપ્યું.

**('પ્રકાશની પગદંડી'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી/શબ્દાર્થ

**નિરપેક્ષ** અપેક્ષા વગર **બાવરું** વ્યાકુળ **કુમાશ** કોમળતા, નરમાઈ **અભયારણ્ય** જ્યાં પ્રાણીઓ મુક્ત રીતે વિહરી રહે તેવું જંગલ **બૅરલ** પીપડું **શિરસ્તો** પ્રથા, રિવાજ **ખુન્નસ** વેરઝેર, વેર લેવાની લાગણી **કસબ** કળા, હુન્નર

## વિરુદ્ધાર્થી

**સાપેક્ષ** નિરપેક્ષ **નર** માદા **દેશી** વિદેશી **સલામતી** અસલામતી **પ્રેમ** નફરત **પરિચિત** અપરિચિત **દોસ્તી** દુશ્મની **તકલીફ** રાહત **તંદુરસ્ત** નાદુરસ્ત **માન્યતા** ગેરમાન્યતા

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**જેનાં માતાપિતા મરી ગયા હોય તેવું બાળક** અનાથ **જેનાં માતા પિતા મરી ગયા હોય તેવા બાળકની રહેવાની જગ્યા** અનાથાલય **સર્પોનાં બગીચો** સર્પોદ્યાન **જ્યાં પ્રાણીઓ મુક્ત રીતે વિહરી શકે તેવું જંગલ** અભ્યારણ

## રૂઢિપ્રયોગો

**વાત ગળે ન ઊતરવી** સમજ ન પડવી **ભાળ મેળવવી** શોધ કરવી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) બબલી વાંદરી ઝાડ પર ચડવા કૂદતી ત્યારે કાળુ કૂતરો શું કરતો?

(A) ચાલ્યો જતો.

(B) એ પાછી આવીને એની પીઠ પર બેસે ત્યાં સુધી રોકાઈ રહેતો.

(C) ફરી તેને પીઠ પર બેસવા ન દેતો.

(D) દોડવા માંડતો.

(2) પંદર દેડકા પાણીમાં ઉતાર્યા તો

(A) સવારે પંદરે-પંદર જીવતા હતા. (B) એક પણ દેડકાને મગરે ખાધો ન હતો.

(C) પણ મગરે તે ખાધા નહિ. (D) તેમાંથી પાંચને મગરનું બચ્ચું ખાઈ ગયું હતું.

(3) મુન્ના નામના ટપકાવાળા ચિત્તા માટે કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) તે આરતી સાથે શાળાએ પણ જતો.

(B) આરતી વર્ગમાં બેસતી ત્યારે તે બહાર બેસતો.

(C) નાનાં બાળકો તેને જોઈને ડઘાઈ જવાં લાગ્યાં.

(D) નાનાં બાળકો તેને જોઈને ખુશ થવા લાગ્યાં.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) હેમલકસામાં સાપની હત્યાનું પ્રમાણ કેવી રીતે ઘટ્યું ?

(2) અમેરિકન મહિલાએ પ્રાણીઓના ગોકુળને 'આમટેઝ ઍનિમલ આર્ક' એવું નામ કેમ આપ્યું ?

(3) અનાથાલયનો પ્રથમ સભ્ય કોણ અને કેવી રીતે રાખતા?

(4) લેખકે ક્યા ક્યા પ્રાણીના વિશિષ્ટ નામ રાખ્યાં હતાં?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

(1) સાપ અંગેની માન્યતા અને ગેરમાન્યતા પાઠના આધારે વર્ણવો.

(2) 'હેમલકસા ખરેખર પ્રાણીઓનું ગોકુળ હતું.' - આ વિધાનની સમજૂતી આપો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પ્રકાશ આમટેની આત્મકથા 'પ્રકાશની પગદંડીઓ' વાંચો.
- તમારા શિક્ષકની મદદથી પ્રકાશ આમટેના જીવન પર આધારિત ફિલ્મ 'ડૉ. પ્રકાશબાબા આમટે : ધ રિયલ હીરો' જુઓ. જેમાં પ્રકાશ આમટેનું પાત્ર નાના પાટેકરે ભજવ્યું છે.

## ભાષા-અભિવ્યક્તિ

- 'જંગલમાં રહેવું ને સાપને નકારવો...' આ વાક્ય 'પાણીમાં રહેવું ને મગર સાથે વેર' એ કહેવતની યાદ અપાવે છે. કોઈ જાણીતી પંક્તિઓને પોતાના કથયિત્વમાં ભેળવી દઈ લખવાની આ એક શૈલી છે. વાક્ય કે પંક્તિ અત્યંત જાણીતી હોવાથી લેખક ઉપર કોઈ આળ આવતું નથી.
- લેખક અને એમના પરિવારે પ્રાણીઓને પણ માનવો જેવાં નામ આપી, દરેકની સાથે આત્મીયતા કેળવી અને દરેકને એક અલગ ઓળખ આપી છે. પ્રાણીઓ લાગણી સમજે છે એમ પણ દર્શાવ્યું છે જે અત્યંત અદ્ભુત બાબત છે.

| પ્રાણી | નામ | પ્રાણી | નામ |
|---|---|---|---|
| વાંદરાનું બચ્ચું | બબલી | એક ટપકાંવાળો ચિત્તો | મુન્નો |
| દેશી કૂતરો | કાળુ | એક-બે ટપકાંવાળા ચિત્તા | લ્યૂસી અને બેન |
| રીંછ | રાણી | ચિત્તો | નેગલ |

'સાપ ઓળખવા સુધી અને એને પકડવા સુધી અમે પહોંચી શક્યાં.' - જંગલમાં એક ડૉક્ટર પરિવાર જીવદયા માટે કેટલી મથામણ કરે છે એનું દર્પણ આ એક વાક્ય બની રહ્યું છે.

## શિક્ષકની ભૂમિકા

યુગોથી મનુષ્ય અને પ્રાણીઓ સમગ્ર પૃથ્વી પર એકબીજાનાં પૂરક બનીને જીવે છે. મનુષ્યોનો પ્રાણીપ્રેમ અને પ્રાણીઓનો મનુષ્ય પ્રત્યેના પ્રેમ અને વફાદારીના અનેક કિસ્સા નોંધાયેલા છે. જેમ કે - 'જુમો ભિસ્તી', 'જાકારો', જેવી કૃતિઓ તેમજ રાણા પ્રતાપ અને ચેતક જેવા પ્રસંગો-વાર્તાઓ વિદ્યાર્થીઓને સંભળાવી તેમનામાં પશુ, પક્ષી, પ્રાણીઓ વિશે ઉત્સુકતા અને આત્મીયતા વધે તે માટે શિક્ષકે પ્રયત્ન કરવો.

રીંછ, ચિત્તા, સાપ વગેરેથી સાવધ રહેવાની વાત સમજાવી, પણ તેમને જોતાંની સાથે જ તે આપણા દુશ્મન હોય તેમ હુમલો કરી તેમને મારી નાખવાનો અભિગમ અયોગ્ય છે તે વિશે ચર્ચા કરવી.

જુદાં જુદાં પ્રાણીઓની ખાસિયતો વિશે પુસ્તકો, સામયિકો કે ઇન્ટરનેટ જેવાં માધ્યમનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરી વિદ્યાર્થીઓને આપી શકાય. પશુ-પક્ષી પણ મનુષ્યપ્રેમનાં ભૂખ્યાં હોય છે તે વાત વાર્તા કે પ્રસંગો દ્વારા જણાવવી. 'નેશનલ જીઓગ્રોફી' ચેનલ દ્વારા પ્રાણીજીવન બતાવવું.

રૂબિન ડેવિડે અમદાવાદ ખાતે આવેલા કાંકરિયાના પ્રાણીસંગ્રહાલયમાં કરેલાં કાર્યો વિશે જાણકારી આપવી. 'પિંજરની આરપાર' માધવ રામાનુજની નવલકથા વાંચવા કહેવું.

●

# 22 લઘુકાવ્યો

## દુહો

દુહામાં કવિ જગતથી ઉફરા રસ્તે ચાલી અલગ કેડી કંડારનારા વીરની વીરતાનો મહિમા ગાય છે. એવા વીરોને ધન્ય છે. એ જ રીતે જે કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિની ખેવના વિના દાન કરે છે એ મહાન છે. જીવન જંગમાં જે એકલા ઝઝૂમે છે, નવી કેડી કંડારે છે; એમને ડગલે-પગલે રૂઢ પરંપરાઓ, સંકુચિત લોકોની નિંદાનો સામનો કરવો પડે છે; પરંતુ આવા એકલવીરો જ દુનિયાને એક ડગલું આગળ લઈ જાય છે. કવિ આ દુહામાં એની પ્રશંસા કરે છે.

એકલ દેતા દાન જે, એકલ ઝૂઝત જંગ,
એકલ જગનિંદા સહે, એ વીરોને રંગ

**('સાયુજ્ય'માંથી)**

*

## મુક્તક

**હસમુખ પાઠક**

**(જન્મ : 12-2-1930, મૃત્યુ : 03-01-2006)**

હસમુખ રતિલાલ પાઠક. અટિરા અને મા. જે. પુસ્તકાલય અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે કાર્ય કર્યું. તેમણે અડીસ-અબાબામાં પણ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી. 'વસ્તુનું મૂળ અને બીજાં કાવ્યો'માં તેમના અનુવાદો છે. જાપાની નાટક 'ટ્‌વિનાઇટ'નો અનુવાદ 'સારસીનો સ્નેહ' નામે કર્યો છે. 'મા-દીકરો' અને 'રાત્રિ પછીનો દિવસ' એ બે વાર્તાઓ એમણે લખેલી છે. 'નમેલી સાંજ' એ તેમનો કાવ્યસંગ્રહ સ્વાતંત્ર્યોત્તર પ્રયોગશીલ કવિતાનો નોંધપાત્ર સંગ્રહ છે.

આ મુક્તકમાં મહાત્મા ગાંધીના જીવનનો ખરો સંદેશ લાઘવથી પ્રતીકાત્મક રીતે વર્ણવ્યો છે. ગાંધીજી આખું જીવન સતત કાર્ય કરતા રહ્યા હતા. તેમણે કદી પ્રમાદ કર્યો નહોતો. એવા ગાંધીજીની સમાધિને ફૂલોથી ઢાંકી તેમને સુવડાવ્યા છે તેવું જોઈને લેખક વ્યંગરૂપે ગાંધીજીના કર્મમય જીવનનો મહિમા પ્રગટ કરે છે.

**રાજઘાટ પર**

આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતા નથી -

**('નમેલી સાંજ'માંથી)**

*

## હાઈકુ

**રાવજી પટેલ**

**(જન્મ : 15-11-1939, અવસાન : 10-08-1968)**

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના વલ્લભપુરામાં થયો હતો. તેમણે વિવિધ સ્થળે નોકરી કરી હતી. 'અશ્રુઘર' 'ઝંઝા' એમની નવકલથાઓ છે. 'અંગત' સર્જકનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે. કૃષિ ચેતનાની મનોહર રચનાઓમાં કવિની અંગત વેદના અને મૃત્યુની અનુભૂતિઓ રમણીય રીતે પ્રગટ થઈ છે.

લઘુકાવ્ય હાઈકુ મૂળ જાપાની કાવ્યપ્રકાર છે. હાઇકુ ત્રણ પંક્તિમાં પાંચ-સાત-પાંચ અક્ષરોનું ચોક્કસ બંધારણ ધરાવે છે. સત્તર અક્ષરોનું આ લઘુકાવ્ય કોઈ વિચાર, સંવેદન કે પ્રકૃતિદૃશ્યનું ચિત્ર આલેખે છે. અહીં મોલથી લહેરાતા ખેતરના એક ડૂંડા પર બેસી ગીત ગાતી ચકલીનું ચિત્ર અંકિત થયું છે. કવિએ કહ્યું છે કે ચકલી જ નહિ ડૂંડું પણ ગાઈ રહ્યું, આખું ખેતર ગાઈ રહ્યું છે. આખું વાતાવરણ મધુર બની ગયું છે.

ગીત સાંભળી
ડૂંડું ડોલ્યું, ઉપર
ચકલી બેઠી

**('અંગત'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી/શબ્દાર્થ

**એકલ** એકલા **ઝૂઝત** ઝઝૂમવું **જંગ** યુદ્ધ

### વિરુદ્ધાર્થી

**વીર** કાયર **નિંદા** પ્રશંસા **સૂતું** જાગતું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) હાઈકુના આધારે સાચો વિકલ્પ શોધો.

(A) ચકલીના ગીતની ડૂંડા ઉપર અસર થઈ. (B) ડૂંડું ગીત ગાઈ રહ્યું છે.

(C) ચકલી ગીત સાંભળી રહી છે. (D) ડૂંડા ઉપરથી ચકલી ઊડી ગઈ છે.

(2) 'રાજઘાટ પર' કાવ્યના કવિનું નામ...

(A) રાવજી પટેલ (B) હસમુખ પાઠક

(C) ગાંધીજી (D) કલાપી

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ વીર કહી કોને બિરદાવે છે ?

(2) 'રાજઘાટ પર'માં ગાંધીજીનો જીવનસંદેશ કયાં પ્રતીકોથી વર્ણવ્યો છે ?

(3) મુક્તકમાં ગીત ગાતી ચકલીનું શબ્દચિત્ર કેવી રીતે આલેખાયું છે ?

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમને ગમતાં મુક્તકોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- તમારાં દાદા-દાદીને હોઠવગાં હોય એવાં બે-ત્રણ દુહા/મુક્તક તમારી નોટબુકમાં લખી શાળાના સૂચના ફલક પર મૂકો.

### ભાષા-અભિવ્યક્તિ

● 'જંગ' અને 'રંગ'ના પ્રાસસભર આ દુહામાં 'એકલ' શબ્દનું ત્રણ વખત પુનરાવર્તન થયું છે. પુનરાવર્તન કેવું અસરકારક બની રહે છે તે બાબત આ દુહો બતાવે છે.

● થોડા જ શબ્દો અને મોટી વાત મુક્તકની લાક્ષણિકતા છે. 'ફૂલો નીચે' અને 'લાંબો સમય' સાથે વપરાયેલ 'આટલાં' અને 'આટલો' શબ્દો ગાંધીજીના વ્યક્તિતત્વને આબેહૂબ વર્ણવી જાય છે. નાના મુક્તકમાં શબ્દપસંદગી કેટલી મહત્ત્વની અને હૃદયસ્પર્શી બની જાય છે તે સમજો.

### શિક્ષકની ભૂમિકા

**દુહો :** અહીં 'એકલ'શબ્દ દ્વારા વીર, ત્યાગી, દાતાની ખૂબી વર્ણવી છે તે તરફ વિદ્યાર્થીનું ધ્યાન દોરવું. સિંહનાં ટોળાં ન હોય તેમ આવી વ્યક્તિ એકલી હોય તોપણ પોતાના તેજથી બધાને અજવાળે છે, એની કવિ પ્રશંસા કરે છે. આવું જીવન જીવી ગયેલી નોંધપાત્ર વ્યક્તિઓનો પરિચય આપવો.

**મુક્તક** : ગાંધીજીનું જીવન સાદગીયુક્ત, શ્રમયુક્ત, સ્વાશ્રયી હતું. 'આરામ હરામ હૈ'માં માનનાર ગાંધીજી ક્યારેય સમયનો વ્યય કરતા નહોતા. રાજઘાટનું ગાંધીજીનું સ્મારક જોઈને કવિને થયું કે આટલા લાંબા સમય સુધી, ગાંધીજી જીવતે જીવ તો સૂતા નથી જ પણ તે પછીની પેઢીએ તેમને આ રીતે સુવડાવ્યા છે તેનો વ્યંગ વિદ્યાર્થીઓને સમજાવવો. ગાંધીજીનાં કર્મઠતા, દેશપ્રેમ, સમયનું આયોજન વગેરે ઓછા શબ્દોમાં સૂચવાય છે તે સ્પષ્ટ કરવું.

**હાઈકુ** : પ્રવર્તમાન સમયમાં મનુષ્ય પ્રકૃતિથી દૂર થતો જાય છે, પણ ખરેખર તો મનુષ્ય અને પ્રકૃતિ એકબીજાનાં અભિન્ન અંગ છે. ખેતરમાં લહેરાતા મોલ, પંખીઓનો કલરવ, પ્રકૃતિમાંથી પ્રગટતું સંગીત આ બધું આપણે માણી શકીએ તે દિશામાં વિદ્યાર્થીઓને વિચારતા કરવા.

•

# 23 પ્રેરક પ્રસંગો

**સંકલિત**

## જીવનની સુગંધ

અહીં મુકાયેલા ત્રણ પ્રસંગો પ્રેરણાદાયક છે. થોડાકમાં ઘણું બધું કહી જતા આવા પ્રસંગો ઉત્તમ નાગરિકના નિર્માણમાં અને એ જ રીતે સમાજઘડતરમાં અત્યંત ઉપયોગી નીવડે છે. પ્રથમ પ્રસંગમાં સામાન્ય લોખંડના ટુકડાને જેવો ઘાટ આપીએ તેવું તેનું મૂલ્ય ઊપજે છે. સામગ્રી તો એ જ, ઘડતર મૂલ્ય વધારે છે. તેમ માણસનું પણ યોગ્ય ઘડતર થાય તો માનવનો સર્વાંગી વિકાસ થઈ શકે છે.

બીજા પ્રસંગમાં બાર વર્ષની છોકરીને ડુંગર ચઢતાં કેડે લીધેલા ભાઈનો ભાર લાગતો નથી. કારણ કે એ એનો ભાઈ છે. તેમ જો સમાજમાં આપણે બધાની સાથે ભ્રાતૃભાવથી વર્તીએ તો કોઈનો ય ભાર આપણને લાગતો નથી. નવી દુનિયા બનાવવા માટેના આ ભાવ ખૂબ સરસ છે.

ત્રીજા પ્રસંગમાં ફળની કે વળતરની અપેક્ષા વિના પ્રેમથી કરાતા કર્મનો મહિમા વ્યક્ત થયો છે. વીસ વર્ષ સુધી કરેલી નમાજો પછી આકાશવાણી થાય છે કે ખુદાના દરબારમાં તારી એક પણ નમાજ મંજૂર થઈ નથી છતાં નમાજી ખુશ થાય છે કારણ કે એને આનંદ એ છે કે ઈશ્વરને એટલી તો ખબર છે કે એ બંદગી કરી રહ્યો છે. ખુદાનો ભક્ત કેવો હોય તેનું આ દૃષ્ટાંત છે. ગીતાએ પણ ફળની આશા વિના કર્મ કરવાનો સંદેશ આપ્યો છે.

---

(1) લોખંડનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઊપજે. તેમાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઊપજે. તેમાંથી બધી સોય બનાવી નાખો તો 600 રૂપિયા ઊપજે અને નાળ કે સોયને બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખો તો 50,000 રૂપિયા ઊપજે. લોખંડ તો એનું એ, અને એટલું જ છે. તેનું ઘડતર કરો તેવું તેનું મૂલ્ય. માણસ વિશે પણ એવું જ છે.

**– નવલભાઈ શાહ**

★

(2) ડુંગરનું ચઢાણ આકરું હતું. સૌ યાત્રાળુનાં મોં પર થાકનાં ચિહ્નો દેખાતા હતાં. બધાંની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડ્યો હતો. કોઈને દયા આવી, પૂછ્યું ‘અલી, આ છોકરાને તેડીને ચડે છેડ તે તને ભાર નથી લાગતો?’

છોકરીએ જવાબ આપ્યો, ‘ના રે, ભાર શાનો? એ તો મારો ભાઈ છે.’

દરેકને ભાઈ સમજીએ તો કોઈનો ભાર ન લાગે.

★

એક ફકીર વીસ વરસથી નિયમિતપણે મસ્જિદમાં દિવસની પાંચ નમાજ પઢતો હતો. તે જે જગ્યાએ નમાજ અદા કરતો હતો, એટલી જગ્યામાં એના હાથનાં અને પગનાં નિશાન પડી ગયેલાં. વીસમું વરસ અને સાંજની છેલ્લી નમાજ જ્યારે તે અદા કરતો હતો, ત્યારે આકાશવાણી થઈ -

‘હે ફકીર, તું વીસ વરસથી એક જ જગ્યાએ રોજ પાંચ પાંચ નમાજ અદા કરે છે પણ ખુદાના દરબારમાં તારી એક પણ નમાજ મંજૂર થઈ નથી.’

આ સાંભળી ફકીર તો આખી મસ્જિદમાં નાચવા લાગ્યો ! પાગલ બની ગયો !

એક મૌલવી બાજુમાં ઊભેલા એ કહે : ‘અરે બેવકૂફ ! તારે તો રડવું જોઈએ. તું નાચે છે કેમ? વીસ વરસથી તું નમાજ પઢે છે અને ખુદાએ તારી એકેય નમાજ કબૂલી નથી. તો તારે આંસુડાં પાડવાં જોઈએ અને તું હસે છે?’

ફકીરે જવાબમાં કહ્યું : 'આજે તો મારું જીવન ધન્ય થઈ ગયું ! મારી બંદગી કબૂલ થાય કે ન થાય, એની કોને પરવા છે? પરંતુ ખુદાને એટલી ખબર તો છે જ કે, હું નમાજ પઢી રહ્યો છું. મારે માટે તો એટલું બસ છે.' ફળ મળે કે ન મળે, એની શી જરૂર છે? હા, ખુદાને એટલી ખબર હોવી જોઈએ કે, ખુદા અમને તારી સાથે મહોબ્બત છે, બંદગી સફળ.

- **મોરારિ બાપુ**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી/શબ્દાર્થ

**અદા કરવું** અર્પણ કરવું **આકાશવાણી** આકાશમાંથી પ્રગટતી દેવવાણી **પરવા** ચિંતા, ફિકર **ઘોડાની નાળ** ઘોડાના પગે જડવામાં આવતી લોખંડની જાડી પટ્ટી **ઘડતર** ઘડીને, ટીપીને બનાવેલી વસ્તુ **મૂલ્ય** કિંમત **કેડ** કમ્મર **દોરવું** રસ્તો બતાવવો, દોરવણી કરવી

### વિરુદ્ધાર્થી

**નિયમિત** અનિયમિત **મહોબ્બત** નફરત **આકરું** સહેલું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ફકીર કેટલા સમયથી નિયમિતપણે મસ્જિદમાં નમાજ પઢવા જતો હતો?

(A) દસ વરસથી (B) પંદર વરસથી

(C) વીસ વરસથી (D) બાર વરસથી

(2) ફકીર વીસમા વરસની અને સાંજની છેલ્લી નમાજ અદા કરતો હતો ત્યારે કઈ ઘટના બની?

(A) ફકીર મૃત્યુ પામ્યા (B) આકાશમાંથી વરસાદ વરસ્યો

(C) ફકીર રડવા લાગ્યો (D) આકાશવાણી થઈ

(3) 'ફળ મળે કે ન મળે, એની શી જરૂર છે? હા, ખુદાને એટલી ખબર હોવી જોઈએ કે, ખુદા અમને તારી સાથે મહોબ્બત છે, બંદગી સફળ.' - આ વાક્ય ફકીર કોને કહે છે?

(A) ખુદાને (B) સંતાનોને

(C) સ્વજનોને (D) મૌલવીને

(4) ફકીરના પ્રેરક પ્રસંગના કર્તાનું નામ જણાવો.

(A) મોરારીબાપુ (B) સ્વામી આનંદ

(C) સ્વામી સચ્ચિદાનંદ (D) રામાનંદ

(5) જીવનની સુગંધ પ્રસંગમાં માણસનો સર્વાંગી વિકાસ થાય તે માટે શેનું ઉદાહરણ આપવામાં આવ્યું છે?

(A) સોનાના ટુકડાનું (B) પથ્થરના ટુકડાનું

(C) લોખંડના ટુકડાનું (D) લાકડાના ટુકડાનું

(6) બીજા પ્રસંગમાં નવી દુનિયા બનાવવા માટે લોકોમાં કયો ભાવ હોવો જોઈએ?

(A) આતિથ્યભાવ (B) ભ્રાતૃભાવ

(C) પિતૃભાવ (D) માતૃભાવ

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) નમાજ અદા કરનાર ફકીર કેમ ખુશ થાય છે?

(2) મૂલ્યઘડતરની વાત લેખક કયા ઉદાહરણથી કેવી રીતે સમજાવે છે?

(3) કોઈએ ડુંગર ચઢતી છોકરીને શું પૂછ્યું? છોકરીએ તેનો શો જવાબ આપ્યો?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

● અન્ય પ્રેરક પ્રસંગો મેળવી એક અંક બનાવો.

## ભાષા-અભિવ્યક્તિ

● શરતવાચક સંયોજક 'તો' અહીં ચાર વખત વાપરીને લેખકે જુદા જુદા પરિણામની શક્યતા બતાવી છે. અંતિમ વાક્યોમાં સારરૂપ સત્ય સમજાવવા 'તો' અને 'જ' નિપાત વપરાયા છે, તેની અસર જુઓ. અભિવ્યક્તિની આવી ખૂબીઓ અને રીતોનો અભ્યાસ કરો.

● 'ભાર' અને 'ભાઈ' શબ્દોમાં એક જ અક્ષરનો તફાવત છે. અહીં લાઘવથી, એક શબ્દના બદલાવથી બહેનની ભાઈ માટેની લાગણી સબળતાથી વર્ણવાઈ છે તે લાક્ષણિકતા નોંધો.

## શિક્ષકની ભૂમિકા

**(1)** કોઈ પણ વ્યક્તિ જેમ વધુ કેળવાય તેમ તેના વિચારો, વર્તન, વ્યવહાર, વાણી, ઉન્નત બને. તે સારો માણસ બને. તે જ સાચી કેળવણી. એટલે તો કહેવાયું છે કે કેળવે તે કેળવણી.

લોખંડના સાદા ટુકડાની ખાસ કિંમત નથી. તેને તેનો કારીગર જે બનાવે તે બનવાનું છે, જ્યારે મનુષ્ય (વિદ્યાર્થી) સ્વયં પોતાને શું બનવું છે તે નક્કી કરી તે મુજબ આગળ વધી શકે છે, તે માટે તે સક્ષમ છે તેથી શ્રેષ્ઠત્વ તરફ આગળ વધવું અને મૂલ્યવાન બનવું તે વાત વિદ્યાર્થીઓને જણાવવી.

**(2)** જ્યારે કોઈ કાર્ય આનંદથી કરો તો તે આનંદ પ્રદાન કરે છે, જ્યારે તેને ભારણ સમજીને કમને કરો છો ત્યારે તે વેઠ બની જાય છે. ભાઈ કે પરિવારના સભ્યો તરફની કર્તવ્યભાવનાનો સ્વીકાર થાય તો તે ભારરૂપ લાગવાને બદલે આનંદપ્રદ બને છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

પરિવારનું કેન્દ્રબળ સ્નેહ છે. સ્નેહને કારણે સૌ પરસ્પરની કાળજી લે છે એ મુખ્યભાવની ચર્ચા કરવી.

**(3)** 'कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ।'

ઘરે ઘરે લખાતું-બોલાતું, ગીતાના સારરૂપ આ વાક્ય ખૂબ ઓછા માણસો જીવનમાં આત્મસાત્ કરે છે. ફળની આશા રાખ્યા વિના કાર્ય કરો, ફળ આપોઆપ મળશે તેવી શ્રદ્ધા પેદા થાય તેવી ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરવી.

ઇચ્છિત મળે તે માટે ઇરાદાપૂર્વકની થતી બંદગી/ ભક્તિ પણ ઉચિત નથી. ઈશ્વર સદાય આપણી સાથે છે, આપણાં કાર્યો-કર્મોની નોંધ લે છે તેથી શ્રદ્ધાપૂર્વક હંમેશાં સારાં કાર્યો કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

●

# વ્યાકરણ

## એકમ 4 | સમાસ, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત

### સમાસ

નીચેનાં વાક્યો વાંચો :

- પોસ્ટમેન ટપાલ લઈને આવ્યો હતો.
- મારો ઉતારો પહેલે માળે ગેસ્ટરૂમમાં હતો.

આ વાક્યોમાં નીચેના શબ્દો છે.

Postman

Guestroom

આ શબ્દો વાંચો તો તેનો શો અર્થ સમજાય છે.

Postman - A man who brings post.

Guestroom - A room where a guest...

તમે Compound wordsથી પરિચિત છો. શા માટે આપણે આવા શબ્દો વાપરીએ છીએ ? મિત્રો, તમે નીચેનો સંવાદ જુઓ :

રોહન : આ વખતે આપણે પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાના છીએ.

રોહિત : તું પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાનો છે ?

રોહન : હા, હું પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાનો છું.

રોહિત : તું પહેલા એડલેબ્સ ઈમેજિકા ગયો છે ?

તમને થશે કે કોઈ આવી રીતે વાત કરતું હશે ? તો આ સંવાદ કેવો હોઈ શકે ? ચાલો જોઈએ.

રોહન : આ વખતે આપણે પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાના છીએ.

રોહિત : તું જવાનો છે ?

રોહન : હા, (હું જવાનો છું.)

રોહિત : તું પહેલા ગયો છે ?

તમને બીજો સંવાદ વધુ સહજ લાગે છે ? બરાબર. શા માટે આપણે આવી રીતે વાત કરીએ છીએ ? કારણ કે આપણી પાસે જે માહિતી હોય તેનું પુનરાવર્તન કરતા નથી. બિનજરૂરી લંબાણ સંવાદમાં કંટાળો લાવે છે, ગેરસમજ પણ પેદા કરી શકે છે.

તો આપણે અહીં શું કર્યું ? જે વાત વારંવાર ન કહીએ તો ચાલે એવું હોય તે વિગત જ કહીને, જણાવીને બિનજરૂરી પુનરાવર્તનને ટાળ્યું.

તમને ખ્યાલ આવ્યો હશે કે આ રીતે આપણે નવા શબ્દ બનાવીએ છીએ. શબ્દઘડતરની આ પ્રક્રિયાને 'સમાસરચના' કહે છે.

**નીચેનાં વાક્ય વાંચો :**

હવે ફળિયે જુવાર-બાજરીની ચણ નાખનાર દાદા રહ્યા નથી.

તમે આ વાક્યનો શો અર્થ સમજ્યા ? આમાં બે વાક્ય સમજાયાં ?

- હવે ફળિયે જુવારની ચણ નાખનાર દાદા રહ્યા નથી.
- હવે ફળિયે બાજરીની ચણ નાખનાર દાદા રહ્યા નથી.

આમાં કેટલી વિગતોનું પુનરાવર્તન છે ? 'હવે ફળિયે, -ચણ નાખનાર દાદા રહ્યા નથી.' - બરાબર? તમે આ પુનરાવર્તન પામતી વિગતોને કોઈ એક વાક્યમાંથી કાઢી નાખ્યા અને બે જુદા પડતા શબ્દો 'જુવાર' અને 'બાજરી' ભેગાં કરીને 'જુવારબાજરી' પ્રયોગ કર્યો. આ 'જુવારબાજરી' તે સમાસ.

એટલે કોઈ પણ સમાસને જ્યારે સમજવો હોય, ઓળખવો હોય ત્યારે પહેલા તેની 'ટાળેલી' વિગતોને ઉમેરવી પડે. આપણે નીચે આપેલા કેટલાક સમાસની આ વિગતો ઉમેરવાનો પ્રયત્ન કરીએ.

રાત્રિશાળા, વેરઝેર, મધરાત.

'રાત્રિશાળા' એટલે ? તમને શો વિચાર આવ્યો ? 'પ્રયોગ માટેની શાળા' તે પ્રયોગશાળા, તો 'રાત માટેની શાળા' તે રાત્રિશાળા ? 'રાતની પ્રવૃત્તિ શીખવાડતી શાળા' ? કે 'રાત્રે અભ્યાસ કરાવતી શાળા' ?

'નવસર્જન' એટલે ? 'નવનું સર્જન' ? 'નવ વખત સર્જન', 'નવું સર્જન' ?

'મધરાત' એટલે ? 'મધ જેવી મીઠી રાત' ? 'રાતનો મધ્ય ભાગ' ?

તમે જોઈ શકો છો કે માત્ર જો વિગત ઉમેરવાની હોય તો કદાચ આમાંની બધી વિગત તમે ઉમેરી શકો છો. પણ એ સમાસ બોલાય ત્યારે તમારા મનમાં કયો અર્થ ઝબકે છે, તે જોવું જોઈએ. જેમકે,

રાત્રિશાળા - રાત્રે અભ્યાસ કરાવતી શાળા

નવસર્જન - નવું સર્જન

મધરાત - મધ્ય રાત - રાતનો મધ્ય ભાગ

આ અર્થ સમજવાની, નહીં મૂકેલી મૂળ વિગતોને ઉમેરવાની પ્રક્રિયાને 'સમાસવિગ્રહ' કહીએ છીએ. પણ સમાસવિગ્રહ કરતાં પહેલાં જરૂરી છે કે એ શબ્દોને ઓળખી શકાય. જેમકે, 'જીવનજંગ' સમાસ છે, એવી ત્યારે ખબર પડે કે જ્યારે 'જીવન' અને 'જંગ' એવા બે શબ્દો ઓળખી શકાય. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. એમાંથી તમે સમાસ ઓળખી શકો ?

**(1)** જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

**(2)** તેમની સાથે લાગણીતંતુ બંધાઈ ગયો હતો.

**(3)** ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે.

**(4)** એને હૉટલમાં કપરકાબી વીછળવાની નોકરી મળી ગઈ.

**(5)** પાણીધારે પાથરણાં પાથરી, ખાઈપીને આનંદ કરે છે.

ઉપરનાં વાક્યોમાં કયા શબ્દો સમાસ છે? (1) સદાકાળ (2) લાગણીતંતુ (3) વિશ્વવિખ્યાત (4) કપરકાબી (5) પાણીધાર. બરાબર ?

હવે, તમે એ સમાસના બંને શબ્દોને ઓળખી શકો છો?

| | |
|---|---|
| સદાકાળ - સદા, કાળ | લાગણીતંતુ - લાગણી, તંતુ |
| વિશ્વવિખ્યાત - વિશ્વ, વિખ્યાત | કપરકાબી - કપ, રકાબી |
| પાણીધાર - પાણી, ધાર. | |

કારણ કે તમે સમાસના શબ્દોને ઓળખી શકશો, તો તેનો અર્થ સમજી શકશો. બરાબર ને?

કેટલીક વાર સમાસનાં આ પદો સંધિથી જોડાયેલા પણ હોઈ શકે. તો તમારે સંધિ છૂટી પાડવી પડે, પછી બે શબ્દો ઓળખાય. જેમકે,

નરેન્દ્ર, સૂર્યોદય, શાળોપયોગી, મિથ્યાભિમાન, વિદ્યુલ્લતા, મુખારવિંદ, રાજર્ષિ

તમારે સમાસ ઓળખવા હોય તો તમારે આ સંધિ છૂટી પાડવી પડે. ચાલો, સાથે મળીને આ સંધિ છૂટી પાડીએ.

નરેન્દ્ર - નર + ઈન્દ્ર સૂર્યોદય - સૂર્ય + ઉદય શાળોપયોગી - શાળા + ઉપયોગી

વિદ્યુલ્લતા - વિદ્યુત + લતા મિથ્યાભિમાન - મિથ્યા + અભિમાન મુખારવિંદ - મુખ + અરવિંદ

રાજર્ષિ -રાજા + ઋષિ

જો સંધિ છૂટી પાડતા ન આવડે તો યોગ્ય શબ્દ જ ન મળે, પરિણામે સમાસની ખબર જ ન પડે તેવું બને. જેમ કે, તમે 'મુખારવિંદ'નું 'મુખાર + વિંદ' કરો કે 'મુખા + રવિંદ' કરો તો આવા કોઈ શબ્દ જ નથી. પરિણામે તેનો અર્થ નથી. તો વિગ્રહ કેવી રીતે થાય અને સમાસ કેવી રીતે ખબર પડે?

ક્યારેક એવું બને કે બે સરખા લાગતા શબ્દો હોય, પણ સંધિભેદ હોય અથવા ન હોય.

જેમ કે, સ્વાગત, સ્વસ્થ

'સ્વાગત' શબ્દમાં સંધિ છે – સુ + આગત. પરંતુ

'સ્વસ્થ' એટલે 'સુ + અસ્થ' નથી.

'સ્વસ્થ'માં 'સ્વ (પોતે) – સ્થ (રહેનાર) છે. તેથી 'સ્વાગત'માં સંધિવિગ્રહ થઈ શકે અને 'સ્વસ્થ'માં સમાસવિગ્રહ થાય.

**નોંધ :** ગુજરાતીમાં અનેક સમાસ એવા છે, જેમાં સંસ્કૃત શબ્દો આવે છે. આવા શબ્દોના અર્થ ખબર હોય તો સમાસનો અર્થ ખબર પડી શકે. જેમ કે,

અહ્ન - દિવસ (મધ્યાહ્ન)

આલય, નિકેતન - ઘર (ન્યાયાલય, આનંદનિકેતન)

આવલિ - હારમાળા (નિયમાવલિ)

આઢ્ય - ભરપૂર (ગુણાઢ્ય)

હવે તમે વાક્યમાં સમાસ શોધી શકો? નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે : તેમાં સમાસ શોધીને તેને વર્તુળ કરો,

(1) નદીકાંઠાનાં ખેતરોમાં ફરીને સૂડાઓ પાદરને લીમડે મુકામ કરતા.

(2) સ્વજનો ખડખડાટ હસી રહ્યા હતા.

(3) તમારી દેશસેવાની વાત કરીશ.

(4) બાજુમાં તાડોબા અભયારણ્ય હતું.

(5) હિમાલય સાથેનો મારો નાતો આજકાલનો નથી.

સમાસ મળ્યા? 1. નદીકાંઠા, 2. સ્વજનો, 3. દેશસેવા, 4. અભયારણ્ય, 5. હિમાલય, આજકાલ.

**દ્વન્દ્વ સમાસ**

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં સમાસ નીચે રેખા દોરેલી જ છે. તમારે એ સમાસનાં પદ છૂટાં પાડવાનાં છે, તેમનો વિગ્રહ કરવાનો છે.

(1) <u>મોહમાયા</u>ના ફંદને ફગાવીશું.

(2) એને હૉટલમાં <u>કપરકાબી</u> વીછળવાની નોકરી મળી ગઈ.

(3) કોઈનો <u>વંશવારસ</u> ન હોય તો તેનું ધન ધર્માદાનું જ ગણાય ને

(4) જીવનમાં <u>પાપપુણ્યના</u> સરવાળા સમજી લેવા ચિત્રગુપ્તના દરબારમાં આવવું પડે.

(5) બધાં <u>પશુપંખી</u> ખુશીથી ભેગાં રહેતાં હતાં.

તમારે અધોરેખિત સમાસનો પહેલા અર્થ સમજવાનો અને પછી તેને આધારે વિગ્રહ કરવાનો છે તેમ આવો કોઈ અર્થ સમજો છો?

(1) મોહ અને માયાના ફંદને ફગાવીશું.

(2) એને હૉટલમાં કપ અને રકાબી વીછળવાની નોકરી મળી ગઈ.

(3) કોઈનો વંશ કે વારસ ન હોય તો તેનું ધન ધર્માદાનું જ ગણાય ને !

(4) જીવનમાં પાપ અને પુણ્યના સરવાળા સમજી લેવા ચિત્રગુપ્તના દરબારમાં આવવું પડે.

(5) બધાં પશુ અને પંખી ખુશીથી ભેગાં રહેતાં હતાં.

આપણે શું કર્યું? વાક્ય વાંચતી વખતે સમાસ એક શબ્દ તરીકે વાંચ્યો પણ અર્થ સમજતી વખતે વધારે શબ્દો કે પદ સમજાયાં. આ સમજણને આધારે સમાસનો વિગ્રહ થાય. ઉપર આપેલા અર્થઘટન અનુસાર સમાસનો વિગ્રહ કરીએ.

| **સમાસ** | **વિગ્રહ** |
|---|---|
| મોહમાયા | મોહ અને માયા |
| કપરકાબી | કપ અને રકાબી |
| વંશવારસ | વંશ કે વારસ |
| પાપપુણ્ય | પાપ અને પુણ્ય |
| પશુપંખી | પશુ અને પંખી |

વિગ્રહ કર્યો તો સમાસનો પ્રકાર ખબર પડી? તમે તો સમાસ અગાઉ ભણી ગયા છો. તો જ્યારે સમાન વ્યાકરણી મોભો ધરાવતા બે પદ જોડાય અને તેનો 'અને', 'કે', 'અથવા'થી વિગ્રહ થાય ત્યારે તેને 'દ્વન્દ્વ' સમાસ કહે છે. અહીં 'મોહ, માયા' બંને સંજ્ઞા છે. 'કપ' અને 'રકાબી' પણ સંજ્ઞા છે, તેમનો વિગ્રહ 'અને'થી થયો છે તો 'વંશ', 'વારસ'-નો વિગ્રહ 'કે'થી કર્યો છે. તેથી આ દ્વન્દ્વ સમાસ છે.

**તત્પુરુષ સમાસ :**

હવે, નીચેનાં વાક્યો વાંચો. હવે નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં સમાસ નીચે રેખા દોરેલી જ છે. તમારે એ સમાસનો વિગ્રહ કરવાનો છે.

(1) રોજરોજ સાંજવેળાએ મોડે સુધી આ ઘાટમેળા જામ્યા રહે છે.

(2) તેમની સાથે લાગણીતંતુ બંધાઈ ગયો હતો.

(3) હરદ્વારમાં હજારો કિંમતી ગ્રંથોવાળું ગ્રંથાલય પણ સ્થપાયું છે.

(4) ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે.

(5) પ્રાણીઓ રોગમુક્ત અને તંદુરસ્ત રહે છે.

સમાસ ધ્યાનથી વાંચ્યા? અર્થઘટન કર્યું? ચાલો, સાથે મળીને અર્થઘટન કરીએ.

(1) રોજરોજ સાંજની વેળાએ મોડે સુધી આ ઘાટમેળા જામ્યા રહે છે.

(2) તેમની સાથે લાગણીનો તંતુ બંધાઈ ગયો હતો.

(3) હરદ્વારમાં હજારો કિંમતી ગ્રંથોવાળું ગ્રંથનું આલય પણ સ્થપાયું છે.

(4) ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વમાં વિખ્યાત છે.

(5) પ્રાણીઓ રોગથી મુક્ત અને તંદુરસ્ત રહે છે.

તો વિગ્રહ ચકાસીએ?

સાંજવેળા - સાંજની વેળા

લાગણીતંતુ - લાગણીનો તંતુ

ગ્રંથાલય - ગ્રંથનું આલય

વિશ્વવિખ્યાત - વિશ્વમાં વિખ્યાત

રોગમુક્ત - રોગથી મુક્ત

અહીં આપણે વિગ્રહ કરતી વખતે '-ની, -નો, -નું, -માં, -થી'– વગેરે વિભક્તિપ્રત્યય ઉમેર્યા. જે સમાસનું પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિથી જોડાયેલું હોય તેને **તત્પુરુષ સમાસ** કહે છે. સામાન્ય રીતે તેનું ઉત્તરપદ મુખ્ય અને પૂર્વપદ ગૌણ હોય છે. આ પદનો વિગ્રહ કરતી વખતે વિભક્તિપ્રત્યયો અથવા નામયોગી ઉમેરાય છે. એટલે કે આ સમાસને સમજવા માટે વિભક્તિપ્રત્યયોની ખબર હોવી જરૂરી છે. આમ તો તમે વિભક્તિપ્રત્યય જાણો જ છો. પણ નીચેના કોઠા પર નજર નાખીને એકવાર ઝડપથી યાદ કરી લઈએ.

| વિભક્તિ | સંબંધ | વિભક્તિપ્રત્યય | ઉદાહરણ |
|---|---|---|---|
| દ્વિતીયા | કર્મ | શૂન્ય, ને | સ્નેહાધીન, નિદ્રાવશ, રામશરણ, આદરપાત્ર |
| તૃતીયા | કરણ (સાધન) | -થી, વડે | હસ્તલિખિત, શોકગ્રસ્ત, કલેશયુક્ત, ક્ષુધાતુર |
| ચતુર્થી | તાદર્થ્ય (તે માટે) | માટે | શયનગૃહ, ખિસ્સાખર્ચ, દેશપ્રેમ, યજ્ઞવેદી |
| પંચમી | અપાદાન (છૂટા પડવું) | -થી, થકી, -એ, | ધર્મભ્રષ્ટ, ઋણમુક્ત, ગર્ભશ્રીમંત, કર્તવ્યચ્યુત |
| ષષ્ઠી | સંબંધ | -ન, -(ઓ,ઇ,ઉ,આ) | ફૂલહાર, પ્રભુપ્રતિમા, શિવાલય, ગણેશવંદના |
| સપ્તમી | અધિકરણ (સ્થાન) | -માં, -એ, પર | વ્યવહારકુશળ, વનવાસ, વિચારમગ્ન |

(નોંધ : સામાન્ય રીતે 'આતુર'નો અર્થ 'ખૂબ ઉત્સુક, ઉત્કંઠિત' થતો હોય છે. પરંતુ, 'આતુર' શબ્દના 'અધીરું', 'તૈયાર', 'બિમાર' જેવા અન્ય અર્થો પણ થાય છે. તેમાં 'પીડાતું, દુઃખી' અર્થનો પણ સમાવેશ થાય છે. 'ચિંતાતુર, શોકાતુર' આદિ સમાસમાં 'આતુર' આ 'પીડાતું, દુઃખી'ના અર્થમાં પ્રયોજાય છે.)

આ કોઠામાં વિભક્તિપ્રત્યય ઉપરાંત કેટલાંક ઉદાહરણ પણ આપ્યાં છે. જેથી આ સમાસ વધુ સ્પષ્ટ થાય.

**કર્મધારય સમાસ :**

હવે નીચેનાં વાક્ય વાંચો. તમને ખબર છે ને કે શું કરવાનું છે? અધોરેખિત સમાસનો વિગ્રહ કરો.

(1) <u>પરદેશની</u> એ ગુજરાતી બાળાઓને એ પ્રાર્થના આવડતી ન હતી.

(2) એમનું આખુંય અસ્તિત્વ પોતાનાં બાળકોના સંસ્કારની આસપાસ <u>મહાકવચ</u> બનીને વિચરતું હતું.

(3) ઘણા <u>પરમેશ્વર</u> એ ક્યાંની વાત.

આ સમાસનો વિગ્રહ કરીએ?

પરદેશ - પર (અન્ય) દેશ

મહાકવચ - મહા કવચ

પરમેશ્વર - પરમ ઈશ્વર

તમે જોઈ શકો છો કે અહીં વિગ્રહમાં આપણે કશું જ ઉમેર્યું નથી. માત્ર બે શબ્દોને જુદા જ કર્યા છે. થોડું ધ્યાનથી વાંચશો તો ખ્યાલ આવશે કે અહીં પહેલું પદ વિશેષણ છે અને બીજું પદ વિશેષ્ય (સંજ્ઞા) છે. આ સમાસને 'કર્મધારય' સમાસ કહેવાય છે.

હવે નીચેનાં વાક્ય વાંચો.

(4) વરસાદ સાંબેલાધાર પડતો હતો.

(5) ઉત્સાહી તરવૈયા યુવાનો ગંગાના ઠંડાગાર મસ્ત વેગીલા પ્રવાહમાં તરવા પડે છે.

(6) સંસારસાગર મહાજળ ભરિયો, તમે તરી શકાય તો તરજો,

આ સમાસનો વિગ્રહ કરીએ?

સાંબેલાધાર - સાંબેલા જેવી ધારા

ઠંડાગાર - ગાર (માટી) જેવું ઠંડું

સંસારસાગર - સંસારરૂપી સાગર

અહીં તમે જોયું કે આપણે બે શબ્દોની તુલના કરી છે અથવા એક બાબતને અન્યરૂપે રજૂ કરી છે. જેમ કે, 'સંસાર'ને 'સાગર' રૂપે મૂકીને, એટલે કે 'સંસાર' અને 'સાગર' જાણે એક જ છે. ગંગાનું પાણી અત્યંત ઠંડું છે. તેની ઠંડકની સરખામણી ભીની માટી - ગાર સાથે કરી છે. તો 'સંસાર'ની વિશાળતા, તેમાં આવતાં મોજાં, તોફાનો આદિને કારણે જાણે તે 'સાગર' હોય, 'સંસાર' એ જ 'સાગર' હોય તે રીતે રજૂ કરવામાં આવ્યો છે.

જ્યારે સમાસના બે પદ વચ્ચે આ પ્રકારના સરખામણીનો કે અભેદત્વનો સંબંધ હોય (ઉપમેય - ઉપમાનનો સંબંધ હોય) ત્યારે પણ તેને 'કર્મધારય' સમાસ કહે છે. આ પ્રકારનાં અન્ય ઉદાહરણ જોતાં વધુ સ્પષ્ટતા થશે.

| | |
|---|---|
| નરકેસરી - કેસરી (સિંહ) જેવો નર | નરપશુ - પશુ જેવો નર |
| હૃદયસરોવર - હૃદય રૂપી સરોવર | જ્ઞાનદીપ - જ્ઞાન રૂપી દીપ |
| વજ્રદેહ - વજ્ર જેવો દેહ | વ્યોમસર - વ્યોમ(આકાશ)રૂપી સરોવર |
| કડવુંઝેર - ઝેર જેવું કડવું | જીવનનૌકા - જીવનરૂપી નૌકા |

**ઉપપદ સમાસ :**

હવે નીચેનાં વાક્યો વાંચો. અધોરેખિત સમાસને સમજો.

(1) જમીનને વણખેડ્યે પોચી રાખતાં પેલાં જમીનખેડૂ અળસિયાં ય નથી બચ્યાં.

(2) પડખે બેઠેલા કાર્યકર્તા સાથે મસલત કરી લે છે.

(3) નાયકો પણ સંસ્કારપૂજક હતા.

(4) સ્વર્ગસ્થ શેઠ નંદનંદનન સાથે મારો સંબંધ દાયકા જૂનો.

(5) મારા હિતેચ્છુઓએ મારી દયા ખાઈને મારા દુઃખનો ભાર ઓછો કરવા કાળજી રાખી હતી.

આ સમાસોનો વિગ્રહ કરીએ.

જમીનખેડૂ - જમીન ખેડનાર

કાર્યકર્તા - કાર્ય કરનાર

સંસ્કારપૂજક - સંસ્કાર પૂજનાર

સ્વર્ગસ્થ - સ્વર્ગમાં 'સ્થ'- રહેનાર

હિતેચ્છુ - હિત ઇચ્છનાર

અહીં તમે જોઈ શકો છો કે સમાસનું છેલ્લું પદ કોઈ ક્રિયાસૂચક નામ છે. જે સમાસનું ઉત્તરપદ ક્રિયાવાચી નામ હોય તેને ઉપપદ સમાસ કહે છે. આવા સમાસનાં અન્ય ઉદાહરણ જોઈએ.

| | |
|---|---|
| ગોપાળ - ગાયોને પાળનાર | રક્ષક - રક્ષા કરનાર |
| તટસ્થ - તટ (કિનારે) રહેનાર | ધૂરંધર - ધૂરાને ધરનાર |
| જીવરખું - જીવ રાખનાર | ઘરભંગ - ઘરનો ભંગ થવો તે, તૂટવું તે |

ગુજરાતીમાં કેટલાક સંસ્કૃત સમાસ પણ પ્રયોજાય છે. તેમાં ઉપપદ સમાસનો પણ સમાવેશ થાય છે. એટલે કે આ તત્સમ સમાસનું ઉત્તરપદ પણ સંસ્કૃત ક્રિયાવાચી નામ હોય તે સ્વાભાવિક છે. આવાં કેટલાંક સંસ્કૃત ક્રિયાવાચી નામનો પરિચય કોઠામાં સોદાહરણ જોઈ શકાશે.

| સંસ્કૃત | ક્રિયારૂપ-અર્થ | ઉદાહરણ |
|---|---|---|
| જ્ઞ | જાણનાર | મર્મજ્ઞ, સર્વજ્ઞ, સુજ્ઞ, તજજ્ઞ, કૃતજ્ઞ |
| ઘ્ન | હણનાર | કૃતઘ્ન |
| જ | જન્મનાર | અનુજ, સરોજ, અનુજ, પંકજ, ક્ષિતિજ |
| જા | જન્મનાર | ગિરિજા, શૈલજા, હિમજા, તનુજા |
| દ | દેનાર | દુ:ખદ, સુખદ, નીરદ |
| દા | દેનાર | કીર્તિદા, યશોદા, પ્રેમદા, મોક્ષદા, અભયદા |
| ક | કરનાર | સહાયક, ઉદ્ધારક, સંચાલક, પ્રેક્ષક, મોહક |
| કર | કરનાર | ભયંકર, દિવાકર, સુધાકર, શાંતિકર |
| કાર | કરનાર | ગ્રંથકાર, કુંભકાર, કૃષિકાર, સુવર્ણકાર |
| પાલ | પાળનાર | ગોપાલ, મહિપાલ, રાજ્યપાલ, ગ્રંથપાલ |
| સ્થ | રહેનાર | ગૃહસ્થ, સ્વસ્થ, કંઠસ્થ, તટસ્થ, મંચસ્થ |
| ધર | ધારનાર | ફણીધર, મુરલીધર, ગદાધર, ધુરંધર |
| ધરા | ધારનાર | વસુંધરા, યશોધરા |
| સર | સરનાર | અગ્રેસર, અપ્સરા |
| ચર | ફરનાર | નિશાચર, અનુચર, ખેચર, વનચર |
| હર | હરનાર | મનોહર, ચિત્તહર |

આ પ્રકરણમાં આપણે સમાસની ચર્ચા કરી. તમે નીચેનાં વાક્યો વાંચો અને આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ સમાસ નથી. તે જણાવો.

(1) ગંગા, જમના, સિંધુ, સતલજના ઉદ્‌ગમસ્થાન હિમાલયનો ઉત્તરાખંડ હિંદુ પુરાણોમાં બહુ ગવાયો છે.

(ક) પુરાણો (ખ) ઉદ્‌ગમસ્થાન (ગ) હિમાલય (ઘ) ઉત્તરાખંડ

(2) સ્વર્ગથીયે શ્રેષ્ઠ જન્મદાત્રી જનનીની જોડાજોડ જન્મભૂમિને મૂકવાની કલ્પના આર્યલોકમાં ઉદય પામી.

(ક) જન્મદાત્રી (ખ) જનની (ગ) જન્મભૂમિ (ઘ) આર્યલોક

(3) સંધ્યાઆરતીનાં ઘંટારવ, નગારાં ને શંખનાદ બધે સામટાં ગુંજી ઊઠે.

(ક) સંધ્યાઆરતી (ખ) ઘંટારવ (ગ) નગારાં (ઘ) શંખનાદ

(4) નંદનંદનનો રાષ્ટ્રપ્રેમ, જ્વલંત દેશભક્તિ અને સિદ્ધાન્તનિષ્ઠા અપ્રતિમ હતાં.

(ક) નંદનંદન (ખ) રાષ્ટ્રપ્રેમ (ગ) જ્વલંત (ઘ) સિદ્ધાન્તનિષ્ઠા

(5) બજારમાં પૂજાપો, દર્ભાસન, ઓરસિયા, તુલસીમાળા, રુદ્રાક્ષમાળા, જાત્રામાર્ગની ચોપડીઓ, મૂર્તિઓ, ચિત્રો વગેરે વેચાય છે.

(ક) પૂજાપો (ખ) દર્ભાસન (ગ) તુલસીમાળા (ઘ) જાત્રામાર્ગ

આટલી બધી સમાસની ચર્ચા કર્યા પછી કયો વિકલ્પ સમાસ નથી, તે ઓળખવામાં કોઈ તકલીફ તો નથી પડી ને ચાલો ઉત્તર જોઈએ :

(1) (ક) (2) (ખ) (3) (ગ) (4) (ગ) (5) (ક) - સાચા વિકલ્પ પસંદ કર્યા હતા ને!- સરસ-

મિત્રો, આપણે આ પ્રકરણમાં દ્વન્દ્વ, તત્પુરુષ, કર્મધારય તથા ઉપપદ સમાસ વિશે અભ્યાસ કર્યો છે. તો હવે

નીચેનાં વાક્યોમાં અધોરેખિત સમાસનો પ્રકાર જણાવશો ?

(1) ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(2) નંદનંદન જીવનમાં આપબળે આગળ આવેલા.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(3) હર કી પૈઢી પર અબોલ ધર્મભાવનાનું વાતાવરણ છવાયેલું રહે છે.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(4) શેઠે એને ચાયપાઉ તરીકે આજુબાજુની કીટલી ફેરવતો કરી દીધો.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(5) નવસર્જનની વાટે વિહરતા.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

ઉત્તર : (1) (ખ) તત્પુરુષ (2) (ગ) કર્મધારય (3) (ખ) તત્પુરુષ (4) (ઘ) ઉપપદ (5) (ગ) કર્મધારય

તમારા અભ્યાસક્રમ ઉપરાંત અન્ય અખબાર, સામયિક કે પુસ્તક વાંચતી વખતે તમે જોઈ શકશો કે 'સમાસ' દ્વારા કેવી સચોટ અને સહજ અભિવ્યક્તિ થઈ શકે છે.

## શબ્દસમૂહ માટે એક શબ્દ

નીચેનું વાક્ય વાંચો :

બાજુમાં તાડોબા નામનો પશુપક્ષીઓ નિર્ભય રીતે ફરી શકે તેવો આરક્ષિત વિસ્તાર હતો.

જો આ વાત આમ કહેવાય તો -

બાજુમાં તાડોબા નામનું અભયારણ હતું.

ક્યારેક વાત વિસ્તારથી કહેવાય તો વધુ સ્પષ્ટ થાય છે તો ક્યારેક લાઘવથી કહેવાય તો વધુ સ્પષ્ટ થાય છે. અહીં લાઘવથી કહેતાં વધુ સ્પષ્ટતા અનુભવાય છે. જ્યારે કોઈ વાત સંક્ષેપમાં કહેવી હોય ત્યારે આપણે આ યુક્તિ અજમાવીએ છીએ. શબ્દસમૂહ કે પદસમૂહ દ્વારા જે અર્થનો નિર્દેશ થતો હોય તે અર્થને કોઈ એક જ શબ્દ દ્વારા રજૂ કરીએ છીએ. અહીં આવા કેટલાક શબ્દસમૂહનો પરિચય મેળવીએ, જેને એક શબ્દમાં મૂકતાં વાત લાઘવથી, સંક્ષેપમાં કહી શકાય.

સ્થિતપ્રજ્ઞ - જે સ્થિર બુદ્ધિ ધરાવે છે તે, જ્ઞાની
નાન્દી - વસ્તુનિર્દેશવાળો નાટકનો પ્રારંભનો શ્લોક
મસલત - અસરપરસ કરેલી ચર્ચા-વિચારણા
રંગમંચ - નાટકની ભજવણી માટેનું સ્થાન
અમાનત - સાચવી રાખવા સોંપેલી થાપણ
તાકો - ફાડ્યા વિનાનું લાંબું લૂગડાનું થાન
વાર - ત્રણ ફૂટ જેટલું માપ
ગાગર - પાણી ભરવાનું સાંકડા મોંનું વાસણ
કેડી - સાંકડો પગરસ્તો
ડચકારો - ગાય, ભેંસ આદિ પ્રાણીને હાંકતા કરાતો અવાજ
લહાણી - શુભ પ્રસંગે ભેટની વહેંચણી
ઉચાપત - ખોટી રીતે પડાવી લેવું

ચબૂતરો - પંખીઓને દાણા નાખવાની, ઊંચી જગ્યા
અભયારણ્ય - પશુપક્ષીઓ નિર્ભય રીતે ફરી શકે તેવો આરક્ષિત વિસ્તાર
કલ્પવૃક્ષ - ઇચ્છા અનુસાર આપનાર વૃક્ષ
સ્વયંવર - કન્યા પોતે વર પસંદ કરે તે
સંપેતરું - કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી વસ્તુ, ભેટસોગાતની ચીજ
કંજૂસ - ખપ કરતાં ઓછો ખર્ચ કરનાર
ઉડાઉ - ખપ કરતાં વધારે ખર્ચ કરનાર
કરકસર - જરૂરી ખર્ચ જ કરવું - થવા દેવું તે
પારસમણિ - જેના સ્પર્શથી લોખંડ સોનું બની જાય તેવો મણિ
ક્ષિતિજ - જ્યાં પૃથ્વી અને આકાશ અડે છે તેવી કલ્પિત રેખા
અનામિકા - ટચલી આંગળી પાસેની આંગળી
અનાથાશ્રમ - નિરાધાર બાળકોને રહેવાનું સ્થળ
શિલાલેખ - પથ્થર ઉપર કોતરેલો લેખ
પુરોગામી - પહેલાના સમયમાં થઈ ગયેલું
આત્મકથા - પોતાને હાથે લખાયેલું પોતાનું જીવનવૃત્તાંત
શહીદ - યુદ્ધમાં પ્રાણ અર્પણ કરનાર
ઉપનામ, તખલ્લુસ - લેખકે ધારણ કરેલું બીજું નામ
મરજીવો - સમુદ્રમાંથી ડૂબકી મારી મોતી કાઢનાર
કામચોર - સોંપેલા કામમાં ઓછું કરવાની વૃત્તિવાળું
શેખચલ્લી - હવાઈ કિલ્લા બાંધનાર

મિત્રો, જ્યારે તમે નિબંધ કે અર્થવિસ્તાર લખો કે સંક્ષેપીકરણ કે સારાંશલેખન કરો ત્યારે તમે આ અને આવા શબ્દોનો પ્રયોગ કરી શકો. તેનાથી તમારું લખાણ વધુ સમૃદ્ધ લાગશે.

## રૂઢિપ્રયોગ

નીચેનાં વાક્યો વાંચો :

(1) અહીં સાઇકલ રિપેર કરવામાં આવે છે. (2) અહીં ટાયર પંક્ચર કરવામાં આવે છે.

જ્યારે તમે પહેલું વાક્ય વાંચો છો ત્યારે જે કહેવાયું છે તે જ સમજો છો કે એ દુકાન પર સાઇકલ રીપેર કરવાનું કામ થાય છે. પણ જ્યારે બીજું વાક્ય વાંચો છો ત્યારે તમે શું સમજો છો ? શું ત્યાં તમે ટાયરને 'પંક્ચર' કરાવવા જશો કે 'પંક્ચર થયેલા ટાયર'ને રિપેર કરાવવા જશો? એટલે કે, ભલે એવું લખાયું હોય કે અહીં ટાયર પંક્ચર કરવામાં આવે છે. પણ તમે એનો અર્થ એવો જ સમજો છો કે પંક્ચર થયેલું ટાયર ત્યાં રિપેર થાય છે. તમે આવું સમજો છો તેનું કારણ રૂઢિ છે. આપણે આવા અનેક અર્થ રૂઢિને કારણે, પરંપરાથી મળેલા વિશેષ અર્થને આધારે મેળવીએ છીએ. ભાષામાં આવા અનેક રૂઢિપ્રયોગ છે.

દરેક ભાષામાં રૂઢિપ્રયોગ પ્રયોજાતા હોય છે. આ રૂઢિપ્રયોગ સમાજ, સંસ્કૃતિ, વિશેષ ભાષાવપરાશ આદિને કારણે રૂઢ થતા હોય છે. નીચે કેટલાક રૂઢિપ્રયોગો આપ્યા છે તમે જોઈ શકશો કે જુદી જુદી ભાષામાં પણ સમાંતર રૂઢિપ્રયોગ પ્રયોજાય છે.

| ગુજરાતી | हिन्दी | English |
|---|---|---|
| અણીના વખતે | एन वक्त पर | In the nick of time |
| આકાશના તારા તોડવા | आसमान के तारे तोडना | To make bricks without straw |
| આબરૂ લીલામ થવી | आबरु नीलाम होना | To ruin one's reputation |
| આંખની કીકી | आँख का तारा | Apple of one's eye |

| | | |
|---|---|---|
| ઓલામાંથી ચૂલામાં પડવું | आसमाँ से टपके, खजूर में अटके | Out of the frying pan, in to the fire |
| કક્કો ખરો કરવો | ज़िद पर अड़ें रहना | Harp on the same straing |
| કાન ભંભેરવા | कान भरना | To poison someone's ear |
| કાણાને કાણો કહેવો | काले को काला कहना | To call a spade, a spade |
| કાગનો વાઘ કરવો, | | |
| રાઈનો પર્વત કરવો | राई का पहाड़ बनाना | Make a mountain out of a mole hill. |
| ખબર લઈ નાખવી | खिटया खड़ी कर देना | To take someone to task |
| ગલ્લાંતલ્લાં કરવાં | बहाने बनाना | To dodge an issue |
| તલવારની ધાર પર ચાલવું | तलवार की धार पर चलना | To walk on a tight rope |
| દોરી સંચાર કરવો. | नाच नचाना | To pull the strings |
| પડતાં પર પાટુ મારવું | गिरते को गिराना | Add insult to injury |
| પોતાનું ગાણું ગાવું | अपने मुँह मियाँ मिट्ठु बनाना | To blow one's trumpet |
| માથું મારવું | हस्तक्षेप करना | To pock one's nose |
| મિજાજ ગુમાવવો | आपा खो बैठना | To lose one's temper |

**ગુજરાતી ભાષાના આવા કેટલાક રૂઢિપ્રયોગો જોઈએ :**

અંતરમાં ઓછું લાવવું - હૃદયથી દુઃખી થવું
ડોળ કરવો - બનાવટ કરવી
વાત વણસી જવી - વાત બગડી જવી
પેંગડામાં પગ ઘાલવો - બરોબરી કરવી
આકાશ-પાતાળ એક કરવા - કોઈ પ્રયાસ બાકી ન રાખવો
આગ લાગે ત્યારે કૂવો ખોદવો - ખરેખરી મુશ્કેલી આવે ત્યારે ઉપાય શોધવો
આંખ આડા કાન કરવા - ધ્યાન ન આપવું, ન ગણકારવું
આંખમાં ધૂળ નાખવી - છેતરવું
એકના બે ન થવું - પોતાની વાત ન છોડવી
કાનભંભેરણી કરવી - કોઈના વિરુદ્ધ ઉશ્કેરવા
કાંડું કાપી આપવું - પોતાની વિરુદ્ધમાં જઈ શકે તેવી લેખિત કબૂલાત આપવી
ચોળીને ચીકણું કરવું - વાતનું નિરર્થક લંબાણ કરવું
જીભ ન ઊપડવી - બોલી ન શકવું
જીભના કૂચા વળવા - કહી કહીને થાકી જવું
દહીંદૂધમાં પગ રાખવો - બંને પક્ષમાં રહેવું
પથ્થર પર પાણી - વ્યર્થ જવું
પાણી પહેલાં પાળ બાંધવી - મુશ્કેલી આવે તે પહેલાં ઉપાય કરવો
બાજી ધૂળમાં મેળવવી - કોઈની યોજના ઊંધી વાળી દેવી
બારમો ચંદ્રમા હોવો - અણબનાવ હોવો
મોં ચડવું - રીસ ચડવી
લોહી ઊકળી ઊઠવું - ખૂબ ઉશ્કેરાઈ જવું
વજ્રપાત થવો - મોટો આઘાત લાગવો
હાથ ધોઈ નાખવા - આશા મૂકી દેવી
હાહાકાર વર્તાઈ રહેવો - ગભરાટ ફેલાઈ જવો
હૈયે ટાઢક વળવી - મનમાં નિરાંત થવી

## કહેવત

**નીચેની કહેવત વાંચો :**

બોલે તેનાં બોર વેચાય

તમે આ કહેવત વાંચો અને તરત સમજાઈ જાય કે જો તમારે કાંઈ વેચવું હશે તો તમારે તેના વિશે બોલવું પડશે, એની જાહેરાત કરવી પડશે. અર્થાત્ જે બોલશે, તેનું કામ દેખાશે. અથવા નીચેની કહેવત વાંચો :

ભાવતું હતું ને વૈદે કહ્યું.

અર્થાત્ સામાન્ય રીતે ડૉક્ટર કે વૈદ પાસે જવાનું થાય ત્યારે તેમની કડવી દવાની બીક લાગતી હોય છે. તેઓ 'આ જ ખાવ, આ ન ખાવ' વગેરે જેવી પરેજી પાળવાનું કહેશે તેવી બીક, લાગણી હોય છે; પણ તેના બદલે જો દાંતમાંથી લોહી નીકળે અને ડૉક્ટર કહે કે 'આઈસક્રીમ ખાવ' તો એવા દર્દની તકલીફ નથી થતી. ઊલટું, એના કારણે કહી શકાય કે 'મારે આઈસક્રીમ ખાવો છે, મને ડૉક્ટરે કહ્યું છે', અર્થાત્ જે કરવું ગમે છે, તે જ કરવાની સલાહ મળે.

એટલે કે, તમે જોઈ શકો છો કે કહેવત એક લાંબા વાક્ય જેવી હોય છે અને તેના દ્વારા ઘણું બધું કહી શકાય છે, સૂચવી શકાય છે. આ કહેવત કોઈ પણ ભાષાનો અનેરો ખજાનો હોય છે. આ કહેવતોમાં ઊંડી સમજ છૂપાયેલી હોય છે, તમને ખબર છે કે દરેક ભાષામાં કહેવતો હોય છે અને તમે ધ્યાનથી વાંચો તો તમને એ પણ ખ્યાલ આવશે કે દરેક ભાષામાં વધતે-ઓછે અંશે માનવમન, સમાજ આદિના પ્રતિબિંબ ઝીલતી કહેવતો હોય છે. તેથી જુદી ભાષાની હોવા છતાં આપણને કહેવતોમાં સામ્ય જોવા મળે છે. નીચેના કોઠામાં આપેલી ગુજરાતી, હિન્દી, અંગ્રેજી કહેવત જુઓ, આપોઆપ વાત સ્પષ્ટ થઈ જશે.

| ગુજરાતી | हिन्दी | English |
|---|---|---|
| સોબત તેવી અસર | जैसा संग वैसा रंग | A man is known by the company he keeps. |
| સો દહાડા સાસુના,<br>તો એક દહાડો વહુનો | सो सुनार की एक लुहार की | Every dog has his day. |
| સૌ સારુ જેનો અંત સારો | अंत भले का सब भला | All is well that ends well. |
| વાવે તેવું લણે | बोया पेड़ बबुल का, आम<br>कहाँसे खाय | As you sow, so you reap. |
| રાંડ્યા પછીનું ડહાપણ | अब पछतायें होत क्या,<br>जब चिड़िया चुग गई खेत | To lock the stable, when the steed is stolen |
| માણસ ધારે છે કાંઈ અને ઈશ્વર<br>કરે છે કાંઈ | इन्सान सोचता कुछ और है,<br>और होता कुछ और है । | Man proposes, God disposes. |
| મન હોય તો માળવે જવાય | मुराद हो तो मंज़िल मिले । | Where there is will, there is a way. |
| પૂછતો નર પંડિત થાય | पूछे सो पंडित होय। | He that nothing questions, nothing learns. |
| પારકી આશ સદા નિરાશ | आस पराई, कभी<br>बर न आई | Self help is the best help. |
| નાચવું નહીં ને આંગણું વાંકું | नाच न जाने, आंगन टेढ़ा। | A bad workman quarrels with his tools. |
| ધીરજનાં ફળ મીઠાં | सब्र का फल मीठा। | Patience pays. |
| તેજીને ટકોરો ને ગધેડાંને ડફણાં | समझदार को इशारा काफी | A word to wise is enough. |
| ટીપે ટીપે સરોવર ભરાય | बुँद बुँद सागर भरे। | Little strokes fell great oaks. |
| જેવો દેશ તેવો વેશ | जैसा देश, वैसा वेश | Do in Rom, as the Romans do. |
| જેવા સાથે તેવા | जैसे के साथ तैसा | Tit for tat. |
| જીવતો નર ભદ્રા પામે | जान है तो जहान है। | While there is life, there is hope. |
| ભસતાં કૂતરાં કરડે નહીં | भौंके सो काटे नाहीं। | Barking dogs seldom bite. |

| | | |
|---|---|---|
| ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર | खोदा पहाड़ और निकला चूहा । | Much ado about nothing. |
| ઊજળું એટલું દૂધ નહીં. | जो पीला सो सोना नहीं। | All that glitters is not gold. |
| અધૂરો ઘડો છલકાય ઘણો. | अधजल गगरी, छलकत जाय । | Empty vessels make most noise. |

મિત્રો તમને ખબર છે કે, એક જ અથવા સરખા અર્થ ધરાવતી કહેવતો પણ હોય છે. જુઓ, નીચેની સમાનાર્થી કહેવતો વાંચો.

| | |
|---|---|
| ગાજ્યા મેહ વરસે નહીં. | ભસતાં કૂતરાં કરડે નહીં. |
| ચળકે એટલું સોનું નહીં. | ઊજળું એટલું દૂધ નહીં. |
| ધીરજનાં ફળ મીઠાં. | ઉતાવળે આંબા ન પાકે. |
| અધૂરો ઘડો છલકાય ઘણો. | ખાલી ચણો વાગે ઘણો. |
| કૂમળું ઝાડ વાળીએ તેમ વળે. | પાકે ઘડે કાંઠા ન ચડે. |
| તરત દાન ને મહાપુણ્ય. | ધરમના કામમાં ઢીલ નહીં. |
| ધોબીનો કૂતરો, ન ઘરનો ન ઘાટનો. | બે ઘરનો પરોણો ભૂખે મરે. |
| વસુ વિના નર પશુ. | નાણા વિનાનો નાથિયો, નાણે નાથાલાલ. |
| હૈયું બાળવું તે કરતાં હાથ બાળવા સારા. | આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય. |
| ઝાઝા હાથ રળિયામણાં. | ઝાઝી કીડી સાપને તાણે. |

મિત્રો, મઝાની વાત એ છે કે સમાજમાં વિરોધી બાબતો હોય છે, પરિસ્થિતિ અનુસાર જુદા નિર્ણયો લેવાતા હોય છે. કહેવતો આવી વિરોધી બાબતોનું પણ પ્રતિબિંબ ઝીલે છે. જેમ કે,

બોલે તેનાં બોર વેચાય - ન બોલ્યામાં નવ ગુણ.

એક કહેવતમાં બોલવાનું મહત્ત્વ દર્શાવ્યું છે તો બીજી કહેવતમાં મૌનનું મહત્ત્વ ગૂંથાયું છે. આવી વિરોધી પરિસ્થિતિનો અર્થ આપતી કેટલીક કહેવતો જોઈએ.

| | |
|---|---|
| અક્કરમીનો પડિયો કાણો. | ભાગ્યશાળીને ભૂત રળે. |
| આપ ભલા તો જગ ભલા. | દયા ડાકણને ખાય. |
| ચેતતો નર સદા સુખી. | બહુ ડાહ્યા બહુ ખરડાય. |
| ઝાઝા હાથ રળિયામણા. | ઝાઝી દાયરે વેતર વંઠે. |
| તરત દાન ને મહાપુણ્ય. | ધીરજનાં ફળ મીઠાં. |

મિત્રો, વિરોધી અર્થ ધરાવતી કહેવતનો નાનકડો નમૂનો આપીને તમારું એ તરફ ધ્યાન દોર્યું છે. આવી બીજી કહેવતો પણ ભેગી કરજો.

કહેવતોનો ઉપયોગ કરીને જ્યારે નિબંધ, અર્થવિસ્તાર કે અન્ય લખાણ લખાય છે ત્યારે તેમાં ટૂંકામાં ઘણું કહેવાય છે અને ભાષાનો આ ખજાનો તમારા લખાણને વધુ સમૃદ્ધ કરે છે.

●

# પૂરક વાચન

## 1 એટલામાં રાજી !

**રમણિક સોમેશ્વર**
**(જન્મ : 2-1-1951)**

રમણિક સોમેશ્વરનો જન્મ કચ્છ જિલ્લાના આડેસર ગામમાં થયો હતો. તેઓ બેંકમાં ઑફિસર તરીકે કાર્ય કરી નિવૃત્ત થયા છે. હાલ વડોદરા રહે છે. તેઓ મુખ્યત્વે કવિ તરીકે જાણીતા છે. અનુઆધુનિક કવિઓમાંના એક એવા આ કવિ કાવ્યો અને ગીતોમાં પ્રકૃતિ તેમજ માનવભાવોનું ઉચિત ભાષામાં આલેખન કરે છે. માનવ તરફનો સમભાવ અને વૃક્ષો તરફનું ખેંચાણ એમનાં કાવ્યોમાં વિશેષ છે.

'તમે ઉકેલો ભેદ' એમનો કાવ્યસંગ્રહ છે. 'ઝંઝાવાત વચ્ચે ફૂલ' નામે અનુવાદગ્રંથમાં કાવ્યો અને ડાયરીનાં પાનાં છે. પ્રસ્તુત કાવ્યમાં પ્રકૃતિ સાથેની આત્મીયતા કેવું હળવાશભર્યું જીવન જીવવાની પ્રેરણા આપે છે તે સરસ રીતે દર્શાવ્યું છે.

---

આપણે તો એટલામાં રાજી !
આખાયે જંગલમાં રોજરોજ ફૂટે છે ક્યાંક એક કૂંપળ તો તાજી
આપણે તો એટલામાં રાજી !
એકાદું પંખી જો ડાળ ઉપર બેસે
તો થાય મળ્યું આખું આકાશ,
એકાદું ગીત કોઈ મોસમનું ગાય
તોય રોમરોમ ફૂટે પલાશ
એકાદી લહેરખી પવનની જ્યાં સ્પર્શે, ત્યાં રણઝણતી ઝાલરી બાજી
આપણે તો એટલામાં રાજી !
પાણીની એકાદી છાલકમાં હોય,
કદી રીમઝીમ રેલાતો મલ્હાર,
છાતીમાં નાંગરેલ સપનામાં હોય
કોઈ એકાદી ક્ષણનો વિસ્તાર,
એક-એક કૂંપળમાં જંગલ ઉભરાય? કોઈ પૂછે તો કહીએ કે હાજી
આપણે તો એટલામાં રાજી !

### શબ્દાર્થ

**કૂંપળ** નવું ફૂટતું પાંદડું **મોસમ** ઋતુ **રોમરોમ** રુંવાડે રુંવાડે **પલાશ** ખાખરો, કેસૂડો **છાલક** છોળ **મલ્હાર** સંગીતનો રાગ **નાંગરેલ** લંગરવું

•

| 2 | # અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી |
|---|---|

**કનૈયાલાલ ભટ્ટ**

**(જન્મ : 16-1-1965)**

કનૈયાલાલ ભટ્ટનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જેગડવા ગામે થયો હતો. તેમણે એમ.એ., પીએચ.ડી., સુધીનો અભ્યાસ કર્યો છે. 'શબ્દાક્ષત', 'હું પણછ ખેંચીશ નહીં', 'મંત્રોચ્ચાર' તેમના કાવ્યસંગ્રહો છે. 'બ્રહ્માસ્ત્ર' તેમનો વાર્તાસંગ્રહ છે. 'મોરપીંછના રંગ' નિબંધસંગ્રહ અને 'સમયનો સાતમો પગ' એમનો એકાંકીસંગ્રહ છે. વિવેચન અને અનુવાદમાં પણ તેમનું કાર્ય છે.

આ ચરિત્રનિબંધમાં ગુજરાતના રંગભૂમિ સમ્રાટ અને ફિલ્મ અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીની કારકિર્દી અને પ્રદાન વર્ણવવામાં આવ્યું છે. રંગભૂમિ, ફિલ્મ અને જાહેરજીવનમાં ઉપેન્દ્ર ત્રિવેદીના પ્રદાનને રસપ્રદ રીતે રજૂ કરવામાં આવ્યું છે. વ્યક્તિ ઉપેન્દ્ર ત્રિવેદીનો સરસ પરિચય પણ આમાંથી સુપેરે મળે છે.

---

ઉપેન્દ્ર ત્રિવેદીની પ્રતિભાએ નાટકના તખ્તા પર અને ફિલ્મોના પડદા પર અવનવાં અજવાળાં પાથર્યાં હતાં. અભિનયની દુનિયામાં તેઓ અવિસ્મણીય ઘટના જેવા હતા. 14-07-1937ના દિવસે એમનો જન્મ. પિતા જેઠાલાલ રંગભૂમિના સારા નટ હતા એ વારસો એમને મળ્યો હતો. શાળા કક્ષાએથી વક્તૃત્વ અને નાટ્યસ્પર્ધામાં તેમણે ઇનામો જીતેલાં.

મુંબઈની સિદ્ધાર્થ કૉલેજમાં અભ્યાસ દરમિયાન નાટ્યના વિદ્વાન વિષ્ણુકુમાર વ્યાસની પ્રેરણાથી નાટકનો રંગ ચડ્યો. પરિણામે ત્રણ વાર નાપાસ થયા. આજીવિકા માટે ફેક્ટરીમાં રાતપાળી નોકરી કરવા સાથે નાટકોનાં રિહર્સલ ચાલુ રાખ્યાં. અભ્યાસ દરમિયાન 'ભીતરનાં વહેણ' અને 'શાહજહાં' નાટકમાં પ્રથમ ઇનામ મેળવ્યાં. અભ્યાસ છોડી 'ઇન્સ્ટિટયૂટ ઑફ ડ્રામેટિક આર્ટ્સ'માં પ્રવેશ મેળવી અભિનયનાં વિવિધ પાસાંઓની ઊંડી તાલીમ મેળવી. ધગશ, ધીરજ, નિષ્ઠા અને સચ્ચાઈના ગુણોથી જીવનનાં વહેણોમાં સફળ થયા.

એમની કારકિર્દીનો મોટો વળાંક દર્શકની નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી'નું એમણે નાટ્યરૂપાંતર કર્યું અને પોતે હેમંતનું પાત્ર ભજવ્યું તેમાંથી આવ્યો. એ નાટકે ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ બદલી નાખ્યો. પછી પોતાની નાટ્યસંસ્થા સ્થાપી 'મેજર ચંદ્રકાન્ત', 'આતમને ઓઝલમાં રાખ મા', 'વેવિશાળ', 'કથા તારી વ્યથા મારી', 'કવિ દયારામ' જેવાં અનેક નાટકોમાં અભિનય કરી ગુજરાતી રંગભૂમિને જીવન સમર્પિત કર્યું. એમાં એમનું અવિસ્મરણીય નાટક 'અભિનય સમ્રાટ'નું નિર્માણ કરી જુદાં જુદાં છ પાત્રોનો અભિનય કરી ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં નવું શિખર સર કર્યું.

ત્યાં સુધીમાં ઉપેન્દ્ર ત્રિવેદીએ ફિલ્મોમાં નાનાં પાત્રો ભજવ્યાં હતાં, પરંતુ 1971માં મુખ્ય અભિનેતા તરીકે પહેલી ફિલ્મ 'જેસલ તોરલ' આવી અને ગુજરાતી ફિલ્મમાં તેઓ પ્રથમ હરોળમાં સ્થાન પામ્યા. ગુજરાતી ફિલ્મની પણ દિશા બદલાઈ ગઈ. પછીથી 'રાજા ભરથરી', 'રાણક દેવી', 'હોથલ પદમણી', 'ભાદર તારાં વહેતાં પાણી', 'માલવપતિ મુંજ', 'સંતુ રંગીલી', 'સોન કંસારી', 'વેરની વસૂલાત', 'મચ્છુ તારાં વહેતાં પાણી', 'ભાદરને કાંઠે' અને 'માનવીની ભવાઈ' જેવી કૃતિ આધારિત ફિલ્મો દ્વારા તેમણે ગુજરાતી પ્રેક્ષકોનાં હૃદયમાં કાયમી સ્થાન મેળવ્યું. ગુજરાતી ફિલ્મને નવી ઓળખ મળી. એમની ફિલ્મો આખો પરિવાર સાથે બેસી માણી શકે તેવી સુરુચિપૂર્ણ અને સંસ્કારી હતી. આ રીતે ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મને તેમણે રાષ્ટ્રીય ઓળખ અપાવી.

તેમના હૃદયમાં કલાક્ષેત્રની જેમ જ ગ્રામસમાજ અને સામાન્યજન માટે પ્રેમ અને નિસ્બત હતાં. તેમની લોકપ્રિયતા એવી હતી કે રાજકીય પક્ષો એમને ઇચ્છે જ. તેમને સાબરકાંઠાના ભીલોડા વિસ્તારની ટિકિટ મળી. તેઓ વિજેતા થયા. સરકારે તેમને 'ફિલ્મ વિકાસ નિગમ'ના અધ્યક્ષ નિમ્યા. પછીથી 'યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, શહેરી મકાન અને પંચાયત' વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પણ બન્યા. આ કામગીરીમાં તેમણે સતત મહેનત અને કાળજી લઈને ગામડાના વિકાસ માટે કાર્ય કર્યું. એમના પારદર્શક સ્વભાવને કારણે વિધાનસભાના ઉપાધ્યક્ષ પણ બનાવાયા. તેઓ ત્રણ વખત વિધાનસભામાં ચૂંટાયા હતા. તેમનું રાજકારણ લોકકારણ માટે હતું, એથી તેમણે જરૂરિયાતવાળા

ગ્રામવિસ્તારના ગરીબ ખેડૂતો, કારીગરો અને પછાત લોકો માટે રાજકારણ પસંદ કર્યું હતું.

એમની રંગભૂમિ અને ફિલ્મ કામગીરી એવી શ્રેષ્ઠ હતી કે તેમનું અનેક ઇનામો અને પુરસ્કારોથી સન્માન થાય એ સહજ હતું. વિશિષ્ટ પ્રદાન માટે 1989માં 'પદ્મશ્રી ઍવોર્ડ' અને રાજ્ય સરકારનો પંડિત ઓમકારનાથ ઠાકુર ઍવોર્ડ 1992માં મળ્યો. 'માનવીની ભવાઈ' ફિલ્મ માટે 'રજતકમળ ઍવોર્ડ' તો રાજ્ય સરકારનો ગૌરવ પુરસ્કાર, લાઇફ ટાઇમ અચિવમેન્ટ ઍવોર્ડ અને 'દાદાસાહેબ ફાળકે' ઍવોર્ડથી પણ સન્માનિત કરાયા. ગુજરાતના ફિલ્મ ઉદ્યોગમાં બે દાયકા સુધી અભિનય, લેખન, નિર્માતા, દિગ્દર્શક તરીકે પ્રદાન કરવા બદલ તેર જેટલા ફિલ્મ ઍવોર્ડ પણ મળ્યા.

અનેક નોંધપાત્ર વ્યક્તિઓ, કલાકારો, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, સંતો સાથે તેમને અંતરંગ પ્રેમના સંબંધો હતા. સાથે જ સામાન્ય માણસને પણ તેઓ પોતીકા લાગતા. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાની ઉત્તમ કૃતિઓનું તેમણે વાંચન કર્યું હતું. કલા અને સંસ્કૃતિ વિશે તેઓ સુંદર, પ્રેરક વક્તવ્ય આપી શકતા.

ઉપેન્દ્ર ત્રિવેદીએ દીર્ઘાયુ ભોગવી, અનેક સિદ્ધિઓ હાંસલ કરી ચિરવિદાય લીધી (તા. 4-1-2015) ત્યારે તેમની ખોટ અનેક ક્ષેત્રમાં અનેક લોકોએ અનુભવી. વીસમી સદીના ગુજરાતી રંગભૂમિના અને ચિત્રપટના મહાનાયક તરીકે ઉપેન્દ્ર ત્રિવેદી લોકોના હૃદયમાં ધબકતા રહેશે.

**શબ્દાર્થ**

**તખ્તો** રંગમંચ, સ્ટેજ **અવિસ્મરણીય** સ્મરણમાં કે સ્મૃતિમાં રહે તેવું **આજીવિકા** જીવનનિર્વાહની કામગીરી **રિહર્સલ** નાટક ભજવવા અગાઉ કરેલો અભ્યાસ **કારકિર્દી** કામને કારણે ઊભી થયેલી પ્રતિષ્ઠા **ઓઝલ** પડદો **વેવિશાળ** સગપણ **રંગભૂમિ** નાટક ભજવવાની જગ્યા **નિમણૂક** કામ પર નિમાવું તે **રાજીનામું** નોકરીમાંથી છૂટા થવાની માગણીનું લખાણ **નિસ્બત** સંબંધ, નાતો **પુરસ્કાર** ઇનામ **દીર્ઘાયુ** લાંબું આયુષ્ય **ચિરવિદાય** મૃત્યુ, અવસાન **ચિત્રપટ** ચલચિત્ર, ફિલ્મ

•

# 3 ઉપમન્યુ

**નાનાભાઈ ભટ્ટ**

**(જન્મ : ઈ. સ. 1882, અવસાન : ઈ. સ. 1961)**

નાનાભાઈ ભટ્ટનું મૂળ નામ નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ હતું. તેઓ ભાવનગર જિલ્લાના પચ્છેગામ (ભાલ)ના વતની હતા. ભાવનગરની શામળદાસ કૉલેજના અધ્યાપકપદેથી રાજીનામું આપી તેમણે 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' નામની સંસ્થા સ્થાપી. સોનગઢ પાસેના આંબલા ગામે નઈ તાલીમ આધારિત ગ્રામકેળવણીના નૂતન પ્રયોગ રૂપે 'ગ્રામદક્ષિણામૂર્તિ' નામની લોકશાળા સ્થાપી. આ પ્રયોગે ગુજરાતમાં ગ્રામકેળવણીમાં મોટી ક્રાંતિ થઈ. તે પછી સમગ્ર ભારતમાં ખ્યાતનામ બનેલી 'લોકભારતી' (સણોસરા) સંસ્થાની સ્થાપના કરી. ભારત સરકારે તેઓને 'પદ્મશ્રી'ના ખિતાબથી નવાજ્યા હતા. તેમણે ભારતીય સંસ્કૃતિના અણમોલ વારસાનો પરિચય કરાવતાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે. 'રામાયણનાં પાત્રો', 'મહાભારતનાં પાત્રો', 'હિન્દુધર્મની આખ્યાયિકાઓ' 1-2, 'ભાગવતકથાઓ' તેમજ 'દૃષ્ટાંતકથાઓ' એ એમનાં મુખ્ય પ્રેરક પુસ્તકો છે. તેમણે કેળવણી, ધર્મ વગેરે વિશે પણ ચિંતનાત્મક નિબંધો લખ્યા છે. 'ઘડતર અને ચણતર' નામે તેમણે પોતાની આત્મકથા પણ આપી છે.

આ કથામાં ધૌમ્યઋષિ શિષ્ય ઉપમન્યુનું ખાઉધરાપણું દૂર કરવા અને પોતાના શિષ્યને પરમ વિદ્યાનો અધિકારી બનાવવા માટે પોતે કેવી કેવી કસોટી કરે છે - એ બાબતનું નિરૂપણ કર્યું છે. તેજસ્વી હોવા છતાં ઉપમન્યુ પોતાના આ દોષને કારણે ગુરુની પાસેથી પરમ વિદ્યાની દીક્ષા પામી શકતો નહોતો. ઉપમન્યુને છેવટે આંધળા થવાનો માઠો અનુભવ થતાં તેને પોતાની ભૂલ સમજાય છે. ઋષિ પ્રસન્ન થઈને પછી શિષ્યને દીક્ષા આપે છે.

---

ધૌમ્યઋષિ આંગણામાં પાટ પર મૃગચર્મ પાથરી આડા પડ્યા છે. પડખે પાટ પર બેઠાં બેઠાં તેમનાં પત્ની સમિધના કટકા કાપે છે. આશ્રમ આખો શાન્ત છે ને બધા શિષ્યો સૂઈ ગયા છે.

''મારા મનમાં એક વાત ઘણા વખતથી ઘોળાયા કરે છે. મને થયું આજે તમને પૂછું.'' ઋષિપત્ની બોલ્યાં.

''જરૂર પૂછો. એવી તે શી વાત છે વળી ?'' ધૌમ્ય બોલ્યા.

''આ ઉપમન્યુ તમારો ખાસ શિષ્ય છે. શાસ્ત્રો ભણવામાં બહુ તેજસ્વી છે. યોગમાં ખૂબ આગળ વધેલો છે. ત્રણ ત્રણ કલાક સમાધિ કરે છે! આમ છતાં તમે તેને જ્ઞાનની આખરી દીક્ષા કેમ નથી આપતા ?'' ઋષિપત્ની બોલ્યાં.

''તમારી વાત તો જાણે સાચી છે. આટલા ટૂંકા ગાળામાં શાસ્ત્ર તથા જીવનના ઊંડા અર્થોને પામી ગયો હોય તેવો આ એક જ શિષ્ય આવ્યો છે.'' ઋષિએ કહ્યું.

''તો પછી તમે શા માટે તેને જ્ઞાનની છેલ્લી દીક્ષા નથી આપતા ?'' ઋષિપત્ની બોલ્યાં.

''તેનું કારણ છે.''

''શું ?''

''ઉપમન્યુ બધી રીતે તૈયાર છે પણ તેનો એક દોષ તેને નડે છે. એ દોષ તે તેની ભૂખ. તેની અન્નવાસના!'' ધૌમ્યે જરા ગંભીર થઈ કહ્યું.

''ઉપમન્યુને અન્નની વાસના છે ? તો તો બાપાની મહેલાત છોડીને અહીં ભીખ માગવા તે શું કામ આવે ?''

''તમે ન જાણો, પરંતુ હું એ પારખી શકું. તે પોતે પણ આ જાણે છે, પરંતુ એય લાચાર છે. એ તેના ઉછેરનો દોષ છે. આ દોષ તેના અંતરના એકાદ ખૂણામાં ભરાઈ ગયો છે. તે નીકળી જશે ત્યારે મારે તેને દીક્ષા આપવી નહિ પડે. દીક્ષા તેની અંદરથી આપોઆપ ફૂટી નીકળશે.'' ધૌમ્યે પત્નીને સમજાવતાં કહ્યું.

''મને ફોસલાવો નહિ. મારે તો નાનો ભાઈ કે પુત્ર જે ગણો તે ઉપમન્યુ છે. તમે તેને બધું ભણાવ્યું તો તેનો આટલો દોષ દૂર ન કરો ?'' નારાજ થઈ ઋષિપત્ની બોલ્યાં.

''એ તો એના અંતરમાંથી એક દિવસ આપમેળે દૂર થશે.''

‘‘પરંતુ તેની ચાવી તો તમે તેને બતાવો.’’ ઋષિપત્નીએ હઠ પકડી.

‘‘ઠીક, જાઓ. તમારી ઇચ્છા પ્રમાણે થઈ જશે.’’ ઋષિએ ધરપત આપી.

•

સવાર પડી. આશ્રમ જાગી ગયો.

‘‘ઉપમન્યુ, આજે ગાયો ચરાવવા વનમાં તારે જવાનું છે. મોડું ન કરતો.’’ ગુરુએ કહ્યું.

‘‘જી, મહારાજ.’’ ઉપમન્યુએ કહ્યું. આ તો ગુરુની આજ્ઞા! ઉપમન્યુનું શરીર થનગની ઊઠ્યું. હાથમાં જાણે ડાંગ આવી ગઈ ને પગ વનની કેડીએ ચાલવા લાગ્યા. ઘટાદાર વૃક્ષો, લીલાં ખેતરો, કિલ્લોલતાં પક્ષીઓ ઉપમન્યુને દેખાવા લાગ્યાં.

‘‘ત્યાં વનમાં ખાઈશ શું?’’ તેના અંતરમાંથી કોઈકે પૂછ્યું.

વહેલા ઊઠી, નાહી, ભિક્ષા લાવી ઉપમન્યુએ નીકળતાં પહેલાં જ નિરાંતે જમી લીધું.

સાંજે ઉપમન્યુ ગાયોને ચરાવી પાછો આવ્યો ને ગુરુની સામે હાથ જોડી ઊભો રહ્યો.

‘‘કેમ ઉપમન્યુ, જઈ આવ્યો ? હેં, પણ આજે તેં ખાવાનું શું કર્યું ?’’ ગુરુએ પૂછ્યું.

‘‘હું વહેલો પરવારી, ભિક્ષા માગી લાવી, જમીને જ ગયેલો.’’ ઉપમન્યુએ કહ્યું.

‘‘ઉપમન્યુ, ગુરુને જણાવ્યા વગર જે ભિક્ષાન્ન ખાય છે તે અપવિત્ર અન્ન ખાય છે. કાલે સવારે પણ તારે જ ગાયો ચરાવવા જવાનું છે.’’ ધૌમ્યે સમજાવ્યું.

બીજી સવારે ઉપમન્યુ વહેલી ભિક્ષા લઈ આવ્યો ને ગુરુને ચરણે મૂકી. ગુરુએ તે બધી પોતાના માટે રાખી લીધી. ઉપમન્યુ બીજી વાર ગામમાં ગયો ને ભિક્ષા લઈ આવ્યો. પછી નિરાંતે જમી, ગાયોને હાંકતો ઊપડ્યો વનમાં.

સાંજે પાછો આવી ઉપમન્યુ ગુરુ સામે આવીને ઊભો.

‘‘બેટા, આવી ગયો ? આજે ખાવાનું શું કર્યું ?’’ ગુરુએ પૂછ્યું.

‘‘ગુરુજી, આજે બીજીવાર ભિક્ષા લઈ આવ્યો ને જમ્યો.’’ ઉપમન્યુએ કહ્યું.

‘‘ઉપમન્યુ, તેં આ ઠીક ન કર્યું. શિષ્યોએ દિવસમાં એક જ વાર ભિક્ષા લવાય. કાલે પણ તારે જ ગાયો ચરાવવા જવાનું છે.’’ ધૌમ્ય બોલ્યા.

‘‘જેવી આપની આજ્ઞા.’’

ત્રીજી સવારે ઉપમન્યુ ગામમાં જઈ ભિક્ષા લઈ આવ્યો. બધી ભિક્ષા ગુરુને ચરણે ધરી કાંઈ ખાધા વગર તે ગાયો લઈ વનમાં ગયો.

ઘાટું જંગલ. બપોરે પણ તડકો કે ગરમી નહિ. ગાયો શીળી છાયામાં બેઠી વાગોળે છે. ઉપમન્યુ ઝાડ પર ચડી સૂતો છે. તે ઘડીક ગીત ગાય છે તો વળી પક્ષીઓને બોલાવે છે; ઘડીક વાંસળી વગાડે છે તો વળી વનનું સૌન્દર્ય જુએ છે. પરંતુ પેલી ભૂખ! તે તો વારે-વારે સામી આવે છે. ઉપમન્યુનું પેટ બેસી ગયું છે ને આંખો ઊંડી ગઈ છે.

‘‘આ ભૂખ વેઠ્યે શો લાભ ? આ ગાયોનું દૂધ પી લઉં તો ? તેમાં કાંઈ ગુરુની આજ્ઞાનો ભંગ નથી.’’ ઉપમન્યુને વિચાર આવ્યો. તે ઝાડ પરથી નીચે ઊતર્યો. તેણે ગાયોનું દૂધ પી ભૂખ શમાવી.

ત્રીજી સાંજ પડી. ઉપમન્યુ ગુરુ પાસે આવ્યો.

‘‘બેટા, આજે શેનાથી પેટ ભર્યું ?’’ ગુરુએ પૂછ્યું.

‘‘ગાયોના દૂધથી.’’ ઉપમન્યુએ કહ્યું.

‘‘ઉપમન્યુ, એ દૂધ તો વાછરડા માટે તથા યજ્ઞના હોમ માટે છે. આપણે એ દૂધ ન પિવાય. આવતી કાલે પણ ગાયો સાથે તારે જ જવાનું છે.’’ ગુરુએ આજ્ઞા કરી.

ચોથી સવારે ગાયો આગળ ને ઉપમન્યુ પાછળ, ચાલ્યાં વનમાં. ‘‘ગુરુ મારી પરીક્ષા કરવા માગે છે. આજે કાંઈ

જ ખાવું નથી. એક દિવસ ન ખાઉં તો કાંઈ મરી જવાય છે!'' ચાલતાં ચાલતાં ઉપમન્યુ વિચારતો હતો.

જંગલમાં ઉપમન્યુએ ઝાડ પર ચડી ગીતો ગાયાં ને વાંસળી વગાડી. આ બધું ક્યાં સુધી ચાલે ? ગાયોને ઘાસ ચરતી જોઈ તેની ભૂખ જાગી. ઝાડ પરથી તે ઊતર્યો. તેણે એક વાછરડાને છોડ્યું. તે પોતાની માને ધાવવા લાગ્યું. વાછરડું ધાવે એટલે તેના મોંએ ફીણ વળે. આ ફીણ હાથ વડે લઈ ઉપમન્યુ ખાવા લાગ્યો. આવી રીતે આઠ-દસ વાછરડાંના ફીણથી પોતાની ભૂખ શમાવી. સાંજે તે ગાયોને લઈ આશ્રમે આવ્યો.

''આજે દૂધ-બૂધ નથી પીધું ને ?'' ગુરુએ પૂછ્યું.

''જી, ના, દૂધ નથી પીધું. માત્ર ધાવતાં વાછરડાંના મોંએ વળતાં ફીણ ખાધાં છે.'' ઉપમન્યુએ કહ્યું.

''ઉપમન્યુ, એ પણ આપણાથી ન લેવાય. સત્ત્વ તો બધું તેમાં જ હોય છે. કાલે પણ તું જ ગાયો સાથે જજે.'' ધૌમ્ય બોલ્યા.

જંગલનો પાંચમો દિવસ. ઉપમન્યુ ઝાડ પર ઘડીક સૂવે ને ઘડીક મંત્રો બોલે ને ઘડીક ઝાડનાં પાન તોડી પાણીમાં ફેંકે.

સાંજ પડી. ગાયો આશ્રમ તરફ વળી. પાછળ ઉપમન્યુ છે. તેને મનમાં થયું કે, 'આજે મેં ભૂખ પર વિજય મેળવ્યો.' આગળ ગાયો છે ને પાછળ ઉપમન્યુ. થોડું ચાલ્યાં ત્યાં રસ્તાની બાજુમાં ખાસા મજાના થોર દેખાયા. થોર પર સરસ મજાનાં જીંડવાં. જીંડવાં પર ઉપમન્યુની નજર પડી ને તેનું મન ચળ્યું. તેના મનમાં હા-ના ચાલે છે ત્યાં તો તેના હાથ જીંડવાં પાસે પહોંચી ગયા. ડાળી પરથી જીંડવાં છૂટાં પડવાં લાગ્યાં ! અને ત્યાં તો થોરના દૂધની એક સેડ ઉપમન્યુની આંખોમાં પડી. તેની દુનિયા આખી અંધકારમય બની ગઈ ! ગાયો, કેડી કશું દેખાય જ નહિ. ગાયોની ખરીઓના અવાજે તેણે ચાલવા માંડ્યું. પણ ત્યાં તો તે પડ્યો એક મોટા ભાડિયા કૂવામાં.

હવે તેને પોતાની મર્યાદાનું સાચું ભાન થયું. ગુરુએ તેને આટલું કહ્યું, છતાં તે ભૂખ ન રોકી શક્યો તેનો તેને પસ્તાવો થયો. તે બોલ્યો, ''ગુરુ, મને માફ કરો. આવતા જન્મે મને તમે જ ગુરુ મળજો. ગુરુપત્ની આવતે જન્મે તમારે પેટે અવતાર આપજો.''

આશ્રમમાં હોમ વેળા થઈ. ગાયો આવી ગઈ પણ ઉપમન્યુ ન આવ્યો ને ધૌમ્યને ચિંતા થઈ. થોડા શિષ્યોને લઈ ગુરુ નીકળ્યા ઉપમન્યુને શોધવા.

''ઉપમન્યુ, બેટા ઉપમન્યુ !'' ગુરુ સાદ પાડતાં જાય છે.

''ગુરુજી, ગુરુજી, હું તો અહીં છું, ભાડિયામાં.'' ઉપમન્યુનો જવાબ આવ્યો.

ગુરુ ને શિષ્યો કૂવા પાસે આવ્યા. ''ઉપમન્યુ, તું અંદર કેમ કરતાં પડ્યો ?'' ગુરુએ ચિંતાથી પૂછ્યું.

''મારા પાપે ગુરુજી! હું આંધળો થયો છું.''

''આંધળો ? કેવી રીતે ?''

ઉપમન્યુએ જે બન્યું હતું તે કહ્યું, ને ગુરુની ક્ષમા માગી. ગુરુને ખૂબ દુઃખ થયું. તેઓ કહે, ''બેટા, મૂંઝાઈશ નહિ. તું દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોનું સ્મરણ કર. તેઓ તારી આંખો સારી કરશે.''

ઉપમન્યુએ અશ્વિનીકુમારોનું સ્મરણ કર્યું. કુમારો તરત હાજર થયા. તેમણે આંખો સાજી કરવા એક ઔષધિ ખાવા માટે ઉપમન્યુને આપી.

''હું કાંઈ ખાઈશ નહિ.'' ઉપમન્યુ બોલ્યો.

''દેખતા થવું હોય તો આ દવા ખાવી પડે.'' કુમારો બોલ્યા.

''દેખતા થવાય તો ઠીક, ન થવાય તો કાંઈ નહિ. પરંતુ હું ગુરુની આજ્ઞા વગર મોંમાં કાંઈ જ નહિ મૂકું.'' ઉપમન્યુએ પોતાનો નિર્ધાર જણાવ્યો.

ગુરુ ધૌમ્યે તરત આજ્ઞા આપી ને ઉપમન્યુએ દવા લીધી. થોડી વારમાં તેને બધું દેખાવા લાગ્યું. તે કૂવામાંથી બહાર આવ્યો ને ગુરુ-શિષ્ય ભેટ્યા !

સૌ તરત આશ્રમ તરફ વળ્યા. આશ્રમે પહોંચ્યા તો ત્યાં ઝાંપે જ ઋષિપત્ની રાહ જોતાં બેઠાં હતાં. ઉપમન્યુએ તેમના ખોળામાં માથું મૂક્યું. ઋષિપત્નીએ હેતથી તેનું માથું સૂંઘ્યું.

પોતાની પર્ણકુટી પાસે આવી, પગે લાગતા ઉપમન્યુને ધૌમ્ય કહે, ''બેટા ઉપમન્યુ, તારો અંતેવાસ આજે પૂરો થાય છે. તને ભાડિયામાં જ જ્ઞાન મળી ગયું છે. તારાં મા-બાપ તારી રાહ જોતાં હશે. જા, તારું કલ્યાણ થાઓ.''

**('હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ'માંથી)**

## શબ્દાર્થ

**મૃગચર્મ** હરણનું ચામડું **સમિધ** યજ્ઞમાં હોમવાનું લાકડું **ચકિત થયા હતા** આશ્ચર્ય પામ્યા હતા **અન્નવાસના** અન્ન માટેની લાલસા **ભિક્ષાન્ન** ભિક્ષા માગી મેળવેલું અન્ન **સત્ત્વ** સાર-અર્ક (અહીં) ઉત્તમ પૌષ્ટિક તત્ત્વ **મોટા ભાડિયામાં** પાણી વગરના પહોળા કૂવામાં

•

# 4 | જન્મી રહેલા બાળક અને ભગવાન વચ્ચેનો સંવાદ !

**ડૉ. આઈ. કે. વીજળીવાળા**

**(જન્મ : 14-7-1959)**

ડૉ. આઈ. કે. વીજળીવાળા વ્યવસાયે બાળરોગ નિષ્ણાત છે. હાલ તેઓ ભાવનગરમાં સ્થાયી થયા છે. ગુજરાતી સાહિત્યમાં તેમનું ઉત્તમ પ્રદાન છે. 'મોતીચારો', 'મનનો માળો', 'અંતરનો ઉજાસ', 'અમૃતનો ઓડકાર', 'પ્રેમનો પગરવ' અને 'હુંફાળા અવસર' તેમના 'મોતીચારો' શ્રેણીનાં પુસ્તકો છે. આ ઉપરાંત તેઓએ બાળસાહિત્ય અને બાળઆરોગ્ય ઉપર પણ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

પ્રસ્તુત લેખમાં જન્મી રહેલા બાળકનો ભગવાન સાથેનો આત્મીય સંવાદ છે. બાળકના નિખાલસ પ્રશ્નો સાથે પ્રભુનો 'મા' જેવા પ્રેમાળ ભાવનો આ સંવાદમાં અનુભવ થાય છે.

---

સ્વર્ગમાંથી એક બાળક ધરતી પર જન્મ લેવા માટે તૈયાર થઈ ગયું હતું. એના મોં પર ચિંતા હતી. જોકે એને વિદાય આપવા માટે ભગવાન ખુદ હાજર હતા. તેમ છતાં પેલા બાળકે ચિંતાતુર સ્વરે પૂછ્યું, 'પ્રભુ, થોડીક જ વારમાં તમે મને પૃથ્વી પર મોકલવાના છો એ હું જાણું છું, પરંતુ આવડી વિશાળ ધરતી પર આટલું નાનકડું અને નિઃસહાય હું કઈ રીતે જીવી શકીશ?'

'તું જરાય ચિંતા કરીશ નહીં !' ભગવાન બોલ્યા, 'તારા માટે પૃથ્વી પર એક દેવદૂતને તૈયાર રાખ્યો છે. અત્યારે એ તારી રાહ જ જોઈ રહ્યો હશે અને પૃથ્વી પર એ જ તારી કાળજી લેશે.'

'પણ ભગવાન ! અહીં સ્વર્ગમાં તો હું હંમેશાં ખુશ જ રહું છું અને ગીતો ગાઉં છું. હું સુખી તો છું. પછી તમે મને શું કામ મોકલો છો ?' બાળકે કહ્યું.

'બેટા! ત્યાં તારો દેવદૂત તારા માટે ગીતો ગાશે. એ તને સુખી કરવાના અને રાખવાના બધા જ પ્રયત્નો કરશે અને એનો અદ્ભુત પ્રેમ જોઈને તું ખૂબ જ ખુશ થઈ જઈશ!' ભગવાને જવાબ આપ્યો.

'પરંતુ મને તો એ લોકોની ભાષા પણ કદાચ નહીં આવડતી હોય તો? એ લોકોની વાત હું કઈ રીતે સમજી શકીશ?' બાળકના અવાજમાં ખાસ્સી ચિંતા ભળેલી હતી.

ભગવાને હસીને કહ્યું, 'તેં ક્યારેય કલ્પના પણ ન કરી હોય એવા મીઠા અને પ્રેમથી ભરેલા શબ્દો એ દેવદૂત બોલશે અને ખૂબ જ ધીરજથી એ તને બોલતા અને એ લોકોની ભાષા સમજતા શીખવાડશે!'

'પણ ભગવાન! ધારો કે મારે તમારી સાથે વાત કરવી હશે તો હું કઈ રીતે કરી શકીશ?' બાળકના મનમાં આજે ઢગલો પ્રશ્નો રમતા હતા.

'તારો દેવદૂત બે હાથ જોડી મારી સાથે વાત કરતાં તને શીખવશે. એ લોકો એને પ્રાર્થના કહે છે!' ભગવાન બોલ્યા.

'ભગવાન! મેં સાંભળ્યું છે કે પૃથ્વી પર ખરાબ લોકો પણ હોય છે. એમનાથી મારું રક્ષણ કોણ કરશે ?' બાળકે ચિંતા વ્યક્ત કરી.

'તારો દેવદૂત પોતાના જીવના જોખમે પણ તારું રક્ષણ કરશે!' ભગવાને કહ્યું.

'પણ હવે હું તમને તો નહીં જોઈ શકું, એટલે હું ઉદાસ રહીશ!' થોડાક ઢીલા પડતા બાળકે કહ્યું.

'બેટા! ધરતી પરનો તારો દેવદૂત તને મારી ઘણી બધી વાતો કહેશે.' ભગવાને કહ્યું, 'તને મારા સુધી પહોંચવાનો રસ્તો પણ એ બતાવશે. અને હા! હું ભલે ન દેખાઉં પરંતુ હું હંમેશાં તારી સાથે જ હોઈશ અને તારી સાથે જ રહીશ!'

ભગવાનના એ વાક્ય સાથે જ સ્વર્ગમાં અદ્ભુત શાંતિ છવાઈ ગઈ, પરંતુ હવે પૃથ્વી પરથી આવતા અવાજો

સંભળાવા માંડ્યા હતા. બાળકને સમજણ પડી ગઈ કે એને પૃથ્વી પર જવાનો સમય આવી પહોંચ્યો છે. એ ભગવાનની નજીક ગયો. એક વખત મન ભરીને ભગવાન સામે એણે જોઈ લીધું. એમને પૂરા સન્માન સાથે પગે લાગ્યો. પછી એક છેલ્લો સવાલ એણે પૂછી લીધો, ‘ભગવાન! હું મારા દેવદૂતનું નામ પણ નથી જાણતો! મને એનું નામ તો કહો!’

ભગવાને એના માથે હાથ મૂક્યો. સહેજ હસતાં હસતાં એ બોલ્યા, ‘બેટા! તારે એના નામ સાથે કાંઈ જ લેવાદેવા નહીં રહે! છતાં તેં પૂછ્યું જ છે એટલે કહું છું કે તું એ દેવદૂતને ‘મા’ કહેજે! તારા એ દેવદૂતનું નામ છે - મા!’

પૃથ્વી પરથી આવતા અવાજો હવે સ્પષ્ટ સંભળાતા હતા. સંપૂર્ણ સંતોષ સાથે બાળકે પૃથ્વી તરફ પ્રયાણ કર્યું !

### શબ્દાર્થ

**ચિંતાતુર** ચિંતાથી ભરેલું **પ્રયાણ** જવું, ચાલવા માંડવું **ઢીલા પડવું** મૂંઝવણ અનુભવવી

●●●